પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૫૫, કુલ પાના:૪, તારીખ: ૨૬-૧૦-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 55 PRICE :-RS. 1.50 DATE : 26-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ચીન સરહદ વિસ્તારમાં મકાનો બનાવવા

## ચીને ‘જમીન સરહદ કાયદો’ બનાવતા વિવાદ

બેઈજિંગ,

ચીનના આ કાયદા મુજબ દેશ સમાનતા, પરસ્પર વિશ્વાસ અને મિત્રતાપૂર્ણ વાટાઘાટોના સિદ્ધાંતોનું પાલન કરતા પડોશી દેશો સાથે જમીન સરહદ સંબંધી મુદ્દાઓનો ઉકેલ લાવશે અને ઘણા સમયથી અનામત સરહદ સંબંધી મુદ્દાઓ અને વિવાદોના યોગ્ય સમાધાન માટે વાટાઘાટો હાથ ધરશે. ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ૩,૪૮૮ કિ.મી.ના ક્ષેત્રમાં છે જ્યારે ભૂતાન સાથે ચીનનો વિવાદ માત્ર ૪૦૦ કિ.મી.ની સરહદ અંગે છે. વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ ગયા સપ્તાહે કહ્યું હતું કે પૂર્વીય લદ્દાખમાં એલએસી પરના ઘટનાક્રમોની સરહદીય ક્ષેત્રોમાં શાંતિ પર ગંભીર રીતે અસર થઈ છે અને સ્વાભાવિક રીતે તેની બંને દેશોના દ્વિપક્ષીય સંબંધો પર પણ અસર થઈ છે. દરમિયાન ભારતીય સૈન્યના ટોચના કમાન્ડર્સ પૂર્વીય લદ્દાખ સહિત ચીન સાથે એલએસી પરના સંવેદનશીલ વિસ્તારોમાં દેશની સલામતી અંગેના પડકારોની વ્યાપક સમિક્ષા કરશે. આ માટે દિલ્હીમાં સોમવારથી ચાર દિવસની એક પરિષદ યોજાઈ રહી છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ કમાન્ડર્સ છેલ્લા કેટલાક સપ્તાહમાં કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીરમાં નાગરિકોની હત્યાની પૃષ્ઠભૂમિમાં અહીં સલામતી વ્યવસ્થાની



પણ સમિક્ષા કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સૈન્ય વડા જનરલ મનોજમુકુંદ નરવાણે અને ટોચના કમાન્ડર્સ પૂર્વીય લદ્દાખમાં યુદ્ધ માટે ભારતની તૈયારીઓની સમિક્ષા કરશે. ઉપરાંત સૈન્ય કમાન્ડર્સ અફઘાનિસ્તાનમાં તાલિબાનોના સત્તા પર આવવાથી ભારત અને ઉપખંડમાં સલામતી પર થનારી સંભવિત અસરોની પણ ચર્ચા કરશે. આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સ સૈન્યની વર્ષમાં બે વખત યોજાતી બેઠક છે, જે એપ્રિલ અને ઑક્ટોબરમાં યોજાય છે તેમ સૈન્યે જણાવ્યું હતું.ભારત સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ચીને શનિવારે દેશની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતાને 'પવિત્ર અને અક્ષુણ્ણ' ગણાવી સરહદીય વિસ્તારોમાં સંરક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા સંસદમાં એક નવો 'જમીન સરહદ કાયદો' બનાવ્યો છે. ચીને શનિવારે સંસદમાં આ કાયદો પસાર પણ કરી નાંખ્યો છે. આ કાયદાની અસર ભારત સાથે બેઈજિંગના સરહદ વિવાદ પર પડી શકે છે. ચીન આ કાયદા હેઠળ સરહદની સુરક્ષા મજબૂત કરવા, આર્થિક તથા સામાજિક વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવશે. દરમિયાન ભારતીય સૈન્યના ટોચના કમાન્ડર્સ ચીન સાથે એલએસી પર દેશના સલામતી પડકારોની સમિક્ષા કરશે. ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ નેશનલ પીપલ્સ કોંગ્રેસની સ્થાયી સમિતિના સભ્યોએ શનિવારે સંસદની સમાપન બેઠક દરમિયાન આ કાયદાને મંજૂરી આપી છે. આ કાયદો આગામી વર્ષે ૧લી જાન્યુઆરીથી અમલમાં આવશે. આ કાયદા મુજબ પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતા પવિત્ર અને અક્ષુણ્ણ છે. કાયદામાં એમ પણ કહેવાયું છે કે સરહદોની સલામતીને મજબૂત કરવા, આર્થિક અને સામાજિક વિકાસમાં મદદ કરવા, સરહદીય ક્ષેત્રોને ખોલવા, આ ક્ષેત્રોમાં જનસેવા અને વધુ સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા, તેને પ્રોત્સાહન આપવા અને ત્યાંના લોકોના જીવન અને કામમાં મદદ કરવા માટે દેશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવશે. તે સરહદો પર રક્ષા, સામાજિક અને આર્થિક વિકાસમાં સમન્વય વધારવાના ઉપાય પણ કરી શકે છે. આ કાયદા હેઠળ ચીનના સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવશે, આ વિસ્તારોમાં આર્થિક, સામાજિક વિકાસની સાથે જાહેર ક્ષેત્રો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વિકસાવવામાં આવશે. સરહદી વિસ્તારોમાં લોકોને રહેવા અને કામ કરવા માટે સરહદ સુરક્ષા અને આર્થિક, સામાજિક સમન્વય બનાવાશે. નવા કાયદાનો આશય સરહદીય શહેરોના બાંધકામ તેમજ સરહદીય વિસ્તારોમાં બાંધકામની ક્ષમતા વધારવા રાજ્યને સહાય કરવાનો છે. ઉલ્લેખનીય છે કે ચીને તાજેતરના વર્ષોમાં અરૂણાચલ પ્રદેશની સરહદ નજીક તિબેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવ્યું છે અને તિબેટમાં બુલેટ ટ્રેન પણ શરૂ કરી છે.

## દુબઈથી હવાલો અને થાઈલેન્ડથી ડ્રગ્સનું વિતરણ મુંદ્રામાં થયુ હતુ

ગાંધીધામ,

ગુજરાત ATSની રેડ કોર્નર નોટિસ બાદ ફેબ્રુઆરી ૨૦૨૦ માં કિંગપિંગ અમૃતસરના સિમરન સંધુને ઈટાલીમાં પકડવામાં આવ્યો હતો. તે ગુજરાત અને શ્રીનગરમાં ઉતરવા વાળી હેરોઈનને દિલ્હી અને પંજાબ પહોંચાડવાનું કામ કરતો હતો. ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ ગુજરાતમાં ૩૦૫ કિલો હેરોઈન અને અમૃતસરમાં ૨૦૦ કિલો હેરોઈન મામલે તપાસમાં આરોપીઓની પુછપરછમાં તેનું નામ બહાર આવ્યું હતું. હરવિંદર સિંહ ઉર્ફે રંધાવા પંજાબના બટાલાનો છે. ડ્રગ રેકેટમાં અટકાયતમાં આવ્યા બાદ થાઈલેન્ડથી ડિપોર્ટ કરાયેલો છે. હવે પંજાબ એસટીએફના રિમાન્ડ પર છે, તેનું કાર્ય શ્રીનગરથી હેરોઈન સપ્લાયની વ્યવસ્થા કરવી, ટ્રકોની ડીઝલ ટાંકીઓમાં પંજાબમાં રસાયણો મોકલીને હેરોઈનનો જથ્થો વધારવાનું અને પંજાબ, દિલ્હી, હરિયાણા નેટવર્ક દ્વારા હેરોઈનનું પરિવહન કરવાનું હતું. સપ્લાયર તરીકે ઘણા લોકોના સંપર્કમાં તે હોવાનું સંભાવનાના આધારે નવી કડીઓ ખુલે તેમ છે. આ આખી ડ્રગ ટ્રેડમાં કરોડોના રુપિયાઓને હવાલાથી કંટ્રોલ કરવાનું કામ દુબઈ સ્થિત બિઝનેસમેન હકીમઝાદા કરતો હોવાનું સુત્રો કહે છે. તે મૂળ ભારતનો છે, પરંતુ લાંબા સમયથી દુબઈમાં છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનથી પંજાબ સુધી ડ્રગ્સના વેપારમાં તે ફ્રેંછની પણ ઘણા વોન્ટેડ લીસ્ટમાં છે. એસટીએફ તેના પર પણ નજર રાખી રહી છે. અગાઉ પણ ડ્રગ્સ અને સટ્ટા બજારમાં મોટા અંશે દુબઈથી કામ થતું હોવાનું સામે આવતું રહ્યું છે. ગાંધીધામથી ગત વર્ષે ટ્રકમાં અમૃતસર સુધી હેરોઈન ડ્રગ્સનો જથ્થો પહોંચ્યો હોવાની તપાસ કરી રહેલી પંજાબ પોલીસની વિશેષ ટીમને જે તાર મળ્યા, તે સીધા મુંદ્રા ડ્રગ્સ મામલે સ્પર્શતા હતા. જે આધારે ત્રણ વ્યક્તિઓની તપાસ અને સંપર્કો શરૂ કરવામાં આવ્યો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. અફઘાનિસ્તાનથી ૨૧ સપ્ટેમ્બરના ટેલ્કમ પાવડરમાં છુપાવીને ઈરાન મારફતે મુન્દ્રા આવેલા બંદરે પકડાયેલા ૩,૦૦૦ કિલો હેરોઈનમાંથી ૧૦૦૦ કિલો હેરોઈન પંજાબના લુધિયાણા આવવાનું હતું, જે સાહનેવાલ ડ્રાયપોર્ટ ખાતે કન્ટેનર દ્વારા લાવવાનું હતું. તો બાકીના એક એક હજાર કિલો ને અહી થી સંભવિત રીતે ઓસ્ટ્રેલિયા અને મલેશિયા મોકલવાનું હોવાનું તપાસમાં બહાર આવી રહ્યું છે. આ પાછળ સુત્રધારો કોણ હતા? તેની તપાસમાં જોતરાયેલી એનઆઈએ પહેલા પંજાબ પોલીસની વિશેષ તપાસ ટીમ ત્રણ એવા નામ સુધી પહોંચી હતી જેના સંપર્કો મુંદ્રા ડ્રગ્સ સાથે સીધી રીતે જોડાયેલા હોવાનું મનાઈ રહ્યું છે. જેમના અંગે પ્રોડક્શન રિપોર્ટ પણ અપાયો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. નોંધવુ રહ્યું કે જખૌમાં આવેલા ડ્રગ્સના જથ્થાને માંડવીના શખ્સના માધ્યમથી ગાંધીધામ અને અહિથી ટ્રાન્સપોર્ટરના સહયોગથી પંજાબ સુધી ડ્રગ્સ સપ્લાય કરાયાનું અમૃતસરના એક વેરહાઉસમાં પડેલા દરોડામાં ખુલ્યું હતું. જેની તપાસ પંજાબ પોલીસની સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) કરી રહી છે, જેમાં આ ત્રણેય આરોપીઓના સંપર્કો ખુલ્યા હોવાનું બહાર આવતા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ઉઠી છે. સૂત્રોના હવાલાથી બહાર આવતી આ વિગતો અંગે તપાસનીસ એજન્સીઓનું સત્તાવાર સમર્થન મળ્યું ન હતું.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દિવસના યુરોપ પ્રવાસ દરમ્યિાન ક્લાઈમેટ ચેન્જ અને અફઘાનિસ્તાનના મુદ્દા ઉઠાવશે

નવી દિલ્હી,

વડાપ્રધાન મોદી વિશ્વ જે પડકારોનો સામનો કરી રહ્યું છે તેની સામે લડવાનો ભારતનો દષ્ટિકોણ રજૂ કરે તેવી શક્યતા છે અને તેઓ અફઘાનિસ્તાનમાં પ્રવર્તમાન સ્થિતિ તેમજ કોરોના મહામારી અને ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવાની સ્થિતિ અંગે સંયુક્ત અભિગમ અપનાવવા હાકલ કરે તેવી અપેક્ષા છે. પીએમ મોદી આઠમી જી-૨૦ બેઠકમાં હાજરી આપશે. જી-૨૦ આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર માટેનું અગ્રણી વૈશ્વિક ફોરમ તરીકે ઊભરી આવ્યું છે. કોરોના મહામારીમાંથી સુધારા અને વૈશ્વિક સ્વાસ્થ્ય ગવર્નન્સની મજબૂતાઈના ક્ષેત્રો પર ધ્યાન રાખીને આ વખતે જી-૨૦ સમિટની થીમ 'પીપલ, પ્લેનેટ, પ્રોસ્પેરિટી' (લોકો, પૃથ્વી, સમૃદ્ધિ) છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી યુરોપના આ પ્રવાસ દરમિયાન ઈટાલીમાં દ્રિઘે અને



બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોન્સન સહિત કેટલાક દેશો સાથે દ્વિપક્ષીય બેઠકમાં પણ ભાગ લેશે. રોમથી મોદી પેરીસમાં ૩૧મી ઑક્ટોબરથી ૨ નવેમ્બર વચ્ચે ૨૬મી કોન્ફરન્સ ઓફ પાર્ટીસ (સીઓપી-૨૬)ની વર્લ્ડ લીડર્સ સમિટમાં ભાગ લેશે. સંયુક્ત રાષ્ટ્રની આ બેઠકમાં ૧૨૦ દેશોથી વધુની સરકારોના વડા ભાગ લેશે. આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીઓપી-૨૬ દરમિયાન બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન સહિત કેટલાક દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે. આ બેઠકમાં બંને દેશો વચ્ચે વેપાર વધારવા પર ભાર મુકાશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દિવસના યુરોપ પ્રવાસ દરમિયાન ઈટાલીમાં ૩૦મી ઑક્ટોબરથી શરૂ થઈ રહેલી બે દિવસની જી-૨૦ સમિટમાં કોરોના મહામારી અને ક્લાઈમેટ ચેન્જના પડકારો સામેની લડત, અફઘાનિસ્તાનમાં સ્થિતિનો સામનો કરવા સંયુક્ત વૈશ્વિક અભિગમ પર ભાર મૂકશે. વડાપ્રધાન મોદીનો યુરોપ પ્રવાસ ૨૯મી ઑક્ટોબરથી શરૂ થશે અને બીજી નવેમ્બરે તેઓ સ્વદેશ પરત ફરશે. આ સમયમાં તેઓ ૧૬મી જી-૨૦ની બેઠક અને કોપ-૨૬ની વર્લ્ડ લીડર્સ સમિટમાં હાજરી આપશે તેમ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું. અમેરિકાના પ્રવાસની સફળતા પછી મોદીનો યુરોપ પ્રવાસ પણ સફળ રહેવાની શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઈટાલીના વડાપ્રધાન મારિઓ ડ્રેઘીના આમંત્રણથી વડાપ્રધાન મોદી ૩૦-૩૧ ઑક્ટોબરે ૧૬મી જી-૨૦ બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત સૌપ્રથમ વખત વર્ષ ૨૦૨૩માં જી-૨૦ સમિટનું આયોજન કરશે. જી-૨૦ સમિટમાં વૈશ્વિક નેતાઓ કોરોના મહામારીમાંથી બેઠા થવું, ક્લાઈમેટ ચેન્જ અને વૈશ્વિક ગરીબી અને વિશ્વના અનેક ભાગોમાં અસમાનતા જેવા પડકારજનક મુદ્દાઓ અને તેના ઉકેલો અંગે ચર્ચા કરશે. અફઘાનિસ્તાનમાં હાલમાં પ્રવર્તતી સ્થિતિ અંગે પણ આ બેઠકમાં ચર્ચા થવાની અપેક્ષા છે.

## દિવાળીમાં મોંઘવારી સામે દિવડામાં એક ટીપુ પડતા જ થઈ જાય છે પ્રજ્વલ્લિત

સુરત,

હાલ સતત વધી રહેલા ખાદ્યતેલ અને ઘીના ભાવને કારણે પાણીથી પ્રજ્વલિત થનારા દીવાની માંગ લોકો કરી રહ્યા છે. આ સંપૂર્ણ રીતે ઈકો ફ્રેન્ડલી છે અને પર્યાવરણને કોઈપણ પ્રકારનું નુકસાન થતું નથી. લોકો ૫ દિવસ સુધી ઘી અને તેના દીવા પ્રજ્વલિત કરતા હોય છે, જે મોંઘવારીમાં ખૂબ જ મુશ્કેલ થાય તેવી પરિસ્થિતિ છે, ત્યારે આ ખૂબ જ સુરક્ષિત પણ છે અને સસ્તા પણ છે. હવાથી ઓલવાઈ પણ જતા નથી અને બાળકોને દાઝવાની પણ બીક રહેતી નથીમોંઘવારીના કારણે ખાદ્ય તેલ અને ઘીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. ભાવ વધારાની અસર આ વખતે દિવાળી પર પણ પડશે અને લોકોની દિવાળી ફિક્કી રહેવાના અણસાર છે. જો કે દિવાળીમાં દિવાઓની ચમક ઓછી ન થાય તે માટે સુરત શહેરમાં એક ખાસ પ્રકારના દીવાઓની ડિમાન્ડ વધી છે. આ દીવા ઓ પાણીથી પ્રજ્વલિત થાય છે, જેને એક ટીંપુ પણ તેલની જરૂરિયાત હોતી નથી. સતત વધી રહેલી મોંઘવારીના કારણે ખાદ્ય તેલ અને ઘીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આ વખતે દિવાળી પર લોકો પાણીથી દીવા પ્રજ્વલિત કરશે. સાંભળીને આશ્ચર્ય થશે, પરંતુ મોંઘવારીની અસર આ વખતે દિવાળી પર જોવા મળશે. સુરત શહેરમાં એક ખાસ દીવાની ડિમાન્ડ વધી છે, જે પાણીથી પ્રજ્વલિત થાય છે, જેમાં એક ટીંપુ પણ તેલની જરૂરિયાત હોતી નથી. દિવાળી પર ૫ થી વધુ દિવસ લોકો ઘરમાં દીવડા પ્રજ્વલિત કરતા હોય છે, પરંતુ છેલ્લા ઘણા સમયથી સતત વધી રહેલા તેલ અને ઘીના ભાવના કારણે જો તમે ત્રાહિમામ પોકારી ઉઠ્યા હોય તો આ દિવાળી પર પાણીના દીવા પ્રજ્વલિત કરવા માટે તૈયાર થઈ જાઓ.

## ભારતના અનેક રાજ્યોમાં ડીઝલનો ભાવ ૧૦૦ને પાર થયો

નવી દિલ્હી,

દેશના મોટા ભાગના વિસ્તારોમાં પેટ્રોલનો ભાવ વધીને રૂ. ૧૦૦ને પાર થઈ ગયો છે. જ્યારે દોઢ ડઝન રાજ્યોમાં ડીઝલનો ભાવ વધીને રૂ. ૧૦૦ને પાર થઈ ગયો છે. ૨૮ સપ્ટેમ્બરથી લઈને અત્યાર સુધીમાં પેટ્રોલના ભાવમાં ૨૧ વખત વધારો કરવામાં આવ્યો છે. જેમાં પેટ્રોલના ભાવમાં કુલ ૬.૪૦ રૃપિયાનો વધારો થયો છે. જ્યારે ૨૪ સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં ડીઝલના ભાવમાં ૨૪ વખત વધારો કરવામાં આવ્યો છે. જેમાં ડીઝલના ભાવમાં કુલ ૭.૭૦ રૃપિયાનો વધારો થયો છે. આ અગાઉ ચોથી મેથી ૧૭ જુલાઈ દરમિયાન પેટ્રોલના ભાવમાં ૧૧.૪૪ રૃપિયા અને ડીઝલના ભાવમાં ૯.૧૪ રૃપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.સતત પાંચમા દિવસે પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં ૩૫ પૈસાનો વધારો કરવામાં આવતા સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નવી ઉંચાઈએ પહોંચી ગયા છે. આજના ભાવવધારા પછી દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૧૦૭.૫૯ રૃપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૯૬.૩૨ રૃપિયા થઈ ગયો છે. જ્યારે મુંબઈમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૧૧૩.૪૬ રૃપિયા અને ડીઝલનો ભાવ વધીને ૧૦૪.૩૮ રૃપિયા થઈ ગયો છે. સતત પાંચમા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૩૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. આ અગાઉ ૧૮ અને ૧૯ ઓક્ટોબરે ભાવ વધારવામાં આવ્યા ન હતાં. તેની પહેલા સળંગ ચાર દિવસ પેટ્રોલ અને ડીઝલ બંનેમાં ૩૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દરેક રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પરનો વેટનો દર અલગ હોવાથી તમામ રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલનો ભાવ અલગ અલગ જોવા મળે છે.

## ડ્રગ્સ ઓછી માત્રામાં મળે તો ગુનો ન માનવામાં આવે : સામાજીક ન્યાય મંત્રાલય

નવી દિલ્હી,

ભારતમાં ડ્રગ્સ રાખવું એ ગુનો છે અને એનડીપીએસ એક્ટની કલમ ૨૭માં કોઈ પણ નશીલી દવા કે સાઈકોટ્રોપિક પદાર્થના સેવન માટે એક વર્ષ સુધીની કેદ અને ૨૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. આર્યન ખાન ડ્રગ્સ કેસને લઈ દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. આ બધા વચ્ચે સામાજીક ન્યાય મંત્રાલયે અંગત વપરાશ માટે ઓછી માત્રામાં ડ્ર્ગસ રાખવામાં આવે તેને અપરાધની શ્રેણીમાંથી હટાવવા અંગે ભલામણ કરી છે. મંત્રાલયે મહેસૂલ વિભાગને નશીલી દવા અને માદક પદાર્થ (એનડીપીએસ) અધિનિયમની સમીક્ષા સોંપી હતી. વર્તમાન સમયમાં એનડીપીએસ અધિનિયમ અંતર્ગત રાહત કે છૂટની કોઈ જ જોગવાઈ નથી અને અધિનિયમ અંતર્ગત આરોપી સજા અને જેલમાં જવાથી ત્યારે જ બચી શકે છે જ્યારે તે પોતે પુનર્વાસ કેન્દ્ર જવાની ઈચ્છા દર્શાવે છે. અધિકારીઓના કહેવા પ્રમાણે ગત સપ્તાહે મહેસૂલ વિભાગ સાથે શેર કરવામાં આવેલી ભલામણોમાં મંત્રાલયે અંગત વપરાશ માટેના ઓછી માત્રામાં માદક પદાર્થો મળી આવે તેને અપરાધની શ્રેણીમાંથી બહાર કરવાનું સૂચન આપ્યું હતું. મંત્રાલયે ભલામણ કરી હતી કે, અંગત વપરાશ માટે ઓછા પ્રમાણમાં નશીલા પદાર્થો સાથે પકડાય તે વ્યક્તિને જેલનના બદલે સરકારી કેન્દ્રોમાં અનિવાર્ય ઉપચાર માટે મોકલવી જોઈએ.

## કર્મચારીને ગેરકાયદે હાંકી દેતા એઈમ્સને રૂ. ૫૦ લાખ ચૂકવવા આદેશ

નવી દિલ્હી,




ડિસેમ્બર, ૧૯૮૮માં લેબર કોર્ટે પણ સ્વીકાર્યું હતું કે તેમને ગેરકાયદેસર રીતે બરતરફ કરવામાં આવ્યા છે. લેબર કોર્ટના આદેશને વિવિધ ઓથોરિટી સમક્ષ પડકારવામાં આવ્યો હતો. અંતે એઈમ્સ દ્વારા દાખલ સ્પેશિયલ લીવ પિટીશન (એસએલપી)ને સુપ્રીમ કોર્ટે ૩ જૂન, ૨૦૧૬ના રોજ ફગાવી દીધી હતી. અરજકર્તાએ વકીલ બી ટી કૌલ વતી વિવિધ ઓથોરિટીઓને કાયદાકીય નોટિસ પાઠવીને રકમ ચુકવવા જણાવ્યું હતું પણ એઈમ્સએ રકમ ચુકવી ન હતી. ત્યારબાદ અરજકર્તાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ પ્રતિભા એમ સિંહે ૪ ડસિમ્બર, ૧૯૯૮થી ૩૧ ઓક્ટોબર, ૨૦૧૬ સુધીના પગાર પેટે ૫૦,૪૯,૦૭૯ રૂપિયા ચુકવવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત દર મહિને ૧૯,૯૦૦ રૂપિયા પેન્શન પેટે પણ ચુકવવાનો આદેશ આપ્યો છે.દિલ્હી હાઈકોર્ટે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)ને ગેરકાયદેસર રીતે બરતરફ કરવા બદલ પોતાના કર્મચારીને ૫૦ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો છે. આ કર્મચારી છેલ્લા કેટલાક વર્ષોથી ધક્કા ખાતા હતો. ૮૦ના દાયકામાં ડ્રાઈવર તરીકે ભરતી કરવામાં આવેલા રાજ સિંહને પેન્શન પેટે દર મહિને ૧૯,૯૦૦ રૂપિયા પણ ચુકવવામાં આવશે. અરજકર્તાના જણાવ્યા અનુસાર તેને ગેરકાયદે ટર્મિનેટ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ તે લેબર કોર્ટમાં ગયો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ સરદારસિંહ ભીમાભાઇ
મુ. ટીડકી મંદીર ફળીયા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠવા રમણભાઇ ગમીરભાઇ
મુ. વાંદર, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા અરવિંદભાઇ પૂજાભાઇ
મુ. સાગારામા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ આરતસિંહ મંગળસિંહ
મુ. ઉધાવાળા-મોટાફળિયા, તા. દે.બારીઆ

# : આઝાદી કા અમૃત મહોત્સવ :
# મહીસાગર જિલ્લામાં યોજાઇ રહેલ કાનૂની શિક્ષણ શિબિરો

લુણાવાડા,

ભારતની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી અંતર્ગત આઝાદી કા અમૃત મહોત્સવની સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીના અનુશ્રયામાં ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના નેતૃત્વમાં તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગરના અદયક્ષ એચ. એ. દવેના માર્ગદર્શન હેઠળ પાન ઈન્ડિયા અવેરનેશ એન્ડ આઉરીચ પ્રોગ્રામ કેમ્પેઈનનો તા. ૨જી ઓકટોબરથી પ્રારંભ થઇ ગયો છે. આ અભિયાન તા. ૧૪મી નવેમ્બર સુધી સતત ૪૪ દિવસ સુધી ચાલનાર છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ ૪૪ દિવસના અભિયાન અંતર્ગત તાજેતરમાં મહીસાગર જિલ્લાના વિવિધ ગામોમાં પ્રિન્સિપાલ સિવિલ જજ ૨ એસ. એમ. શુકલ તથા તમામ જયુડિશિયલ ઓફિસરઓ, જિલ્લા બાર એસોસિએશન તથા તાલુકા બાર એસોસિએશનના સહકારથી કાનૂની શિક્ષણ શિબિરો યોજવામાં આવી રહી છે.

આ અંતર્ગત તાજેતરમાં કડાણા તાલુકાના અંતરિયાળ એવા રાઠવા બેટ ગામે, બાલાસિનોર ખાતે, વિરપુર ખાતે યોજાઇ ગઇ.

કડાણા તાલુકાના અંતરિયાળ ગામે યોજવામાં આવેલ કાનૂની શિક્ષણ શિબિરમાં કડાણા બાર એસોરીએશનના પ્રમુખ વી. એમ. સેવક સહિત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેનલ એડવોકેટ સર્વ કે. જી. રાઠોડ, ધવલભાઇ ચૌહાણ, પી.એલ.વી. શિરીષ મકવાણા, ભારતીબેન રાણા, જયેશ મકવાણા, કિરીટ પરમાર, ધવલભાઇ પરમાર, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી કર્ણ મારવાહ, તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન કે. એન. દવે, વિરપુર તાલુકાના પ્રિન્સિપલ સિવિલ જજ વી. એમ. વણકર તથા બાર એસોસિએશનના વકીલઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ તમામ કાનૂની શિક્ષણ શિબિરો દરમિયાન સ્ત્રીઓને લગતા કાયદા, મફત કાનુની સહાય અને સલાહ, નિઃશુલ્ક વકીલની ફાળવણી, ગુજરાત વીકટીમ કંમ્પેનઝેશન સ્કીમ તેમજ નાલ્સાની વિવિધ યોજના યોજનાઓની જાણકારી આપવાની સાથે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત આશા બહેનો અને આંગણવાડી બહેનોને ગામે ગામ મહિઓમાં જાગૃતિ આવે તે માટે કામગીરી કરવામાં આવે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે જરૂરિયાતમંદોને જુદી જુદી યોજનાઓના લાભો સ્થળ ઉપર આવ્યા હતા. તેમજ કાર્યક્રમ દરમિયાન કાનૂની અંગેની સમજ આપતી પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# શારદા મંદિર દેવ અને સરાડિયા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિ જાગૃતિ માટે યોજવામાં આવેલ રેલી

લુણાવાડા,

કેન્દ્ર સરકાર દવારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧લી થી તા. ૩૧મી ઓકટોબર,૨૦૨૧ દરમિયાન "સ્વચ્છ ભારત –CLEAN INDIA" અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર–આણંદ અને જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત તાજેતરમાં શારદાર મંદિર દેવ અને સરાડિયા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગેની જનજનમાં જાગૃતિ આવે તે માટે રેલી યોજવામાં આવી હતી. આ રેલી ગામના વિવિધ માર્ગો પર ફરીને નાગરિકોમાં



હેન્ડ વોશ અને સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. આ રેલીમાં શિક્ષકો અને વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. અને માર્ગમાં સફાઈ કરી પ્લાસ્ટિક એકત્રિત કરી માર્ગને સ્વચ્છ બનાવ્યો હતો.

# ખારોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રરના ચુથાના મુવાડા ખાતે રકતદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,

જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ અને રક્તની જરૂરીયાત વાળા દર્દીઓ નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્યણ તંત્ર દ્વારા જિલ્લામાં અવાર–નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં ખારોલ પ્રાથમિક આરોગ્યે કેન્દ્રિ ચુથાના મુવાડા ખાતે આરોગ્ય ટીમ અને રેડક્રોસ



સોસાયટી લુણાવાડાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઈ ગયો. ચુથાના મુવાડા ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૪૩ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને દર્દીઓ માટે પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન–મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતુ. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તેની કાળજી રાખવામાં આવી હતી. આ રક્તદાન કેમ્પમાં ૪૩ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જયારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# બાકરો-પાંડરવાડા ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિ જાગૃતિ માટે યોજવામાં આવેલ રેલી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

કેન્દ્ર સરકાર દવારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧લી થી તા. ૩૧મી ઓક્ટોબર,૨૦૨૧ દરમિયાન "સ્વચ્છ ભારત–CLEAN INDIA" અંતર્ગત વિવિધ સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા બાકરો–પાંડરવાડા ખાતે આજે લુણાવાડા ખાતે જિલ્લા શિક્ષણાધિકાની કચેરી દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગેની જનજનમાં જાગૃતિ આવે તે રેલી યોજવામાં આવી હતી. આ રેલી વિવિધ માર્ગો પર ફરીને નાગરિકોને સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. આ રેલીમાં શાળાના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ સહિત કચેરીના અધિકારીઓ–કર્મચારીઓ જોડાયા હતા. અને માર્ગમાં સફાઇ કરી પ્લાસ્ટિક એકત્રિત કરી માર્ગને સ્વચ્છ બનાવ્યો હતો.

# મહીસાગર જિલ્લાના ૧૪ થી ૩૫ વર્ષના સાહસિક યુવક-યુવતિઓ જોગ સુચના

લુણાવાડા,

સાહસીક પગપાળા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા ૧૪ થી ૩૫ વર્ષના યુવક–યુવતિઓને સાહસિક સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવવા માટે કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે દર વર્ષે પરિભ્રમણ કાર્યક્રમમો યોજવામાં આવે છે. ચાલુ વર્ષે ૧૦ (દસ) દિવસ માટે આવો સાહસિક સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્યભરમાંથી મળેલ અરજીઓમાંથી ઉમેદવાર પસંદ કરી કુલ ૧૦૦ યુવક યુવતિઓને આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે. આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા યુવક યુવતિઓ કે જેમની ઉંમર ના ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૪ થી ૩૫ વર્ષની હોય તેમણે સાદા કાગળ ઉપર (૧) પોતાનું નામ–સરનામું મોબાઈલ નંબર (૨) જન્મ તારીખ (૩) શૈક્ષણીક લાયકાત (૪) વ્યવસાય (૫) એન.સી.સી પર્વતા રોહણ રમતગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત (૬) શારિરીક તદુરસ્તી ધરાવતા હોવાનું દાકતરી પ્રમાણપત્ર (૭) વાલીની સંમતી (૮) તાજેતરમાં પાડેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો (૯) ઓળખ કાર્ડ (૧૦) અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી દર્શાવતી અરજી તા.૧૦/૧૧/૨૦૨૧ સુધીમાં આ કચેરી ના નિયંત્રણ હેઠળની જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન, રૂમ નંબર ૩૧૩–૧૪ મુ.ઇણાજ, તા વેરાવળ, ગીર સોમનાથ ને મોકલી આપવાની રહેશે. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા કુલ–૧૦૦ યુવક યુવતિઓની આ કાર્યક્રમમાં જોડાવા માટે પસંદગી કરવામાં આવશે. માત્ર પસંદગી પામેલ યુવક–યુવતિઓને ફોન/પત્ર દ્વારા જાણ કરવામાં આવશે, આ કાર્યક્રમમાં ભાગ લેનાર યુવક–યુવતિઓને નિવાસ, ભોજન, તથા આવવા જવાનું ભાડુ સરકાર તરફથી આપવામાં આવશે તેમ જિલ્લા રમત ગમત અધિકારી મહીસાગરની અખબારીયાદીમાં જણાવાયું છે.

# સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ૩ દિવસમાં લઘુતમ તાપમાન ૩ ડીગ્રી ઘટશે

અમદાવાદ,

શિયાળાની સીઝન શરૂ થતાં જ આરોગ્ય વિભાગના નિષ્ણાતોનું કહેવું છે કે કોરોના અને સ્વાઈનફલૂ અંગે લોકોએ તકેદારી રાખવી જરૂરી છે. આ વખતના શિયાળામાં આ બંને સંક્રમણ વકરી શકે એવી દહેશત છે. ગયા વર્ષે પણ દિવાળી પછી કોરોનાના કેસો ઝડપી વધ્યા હતા, જેની સંભાવના આ વખતે નકારી શકાય એમ નથી. જોકે કેન્દ્ર કે રાજ્ય સરકારે શિયાળાની કોરોનાને લગતી કોઈ ગાઈડલાઈન્સ હજી સુધી આપી નથી. નવરાત્રિ પછી રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં શરદી અને કફની ફરિયાદો વધી છે. ડેન્ગ્યુ અને ચિકનગુનિયા હાહાકાર મચાવી રહ્યા છે. હાલમાં સીઝનલ કફ અને શરદીના દર્દીઓ વધી રહ્યા છે, જેથી લોકોએ તકેદારી રાખવી જરૂરી બને છે.શિયાળાની ઋતુ ધીમા પગલે પગરવ માંડી રહી છે. દિવસે દિવસે ફૂલ ગુલાબી ઠંડીનો પ્રભાવ વધી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે રાજ્યના અમુક ભાગોમાં વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં માવઠાંની સંભાવનાઓ છે. એની સાથે આગામી ત્રણેક દિવસમાં લઘુતમ તાપમાનમાં પણ બેથી ત્રણ ડીગ્રીનો ઘટાડો થઈ શકે છે, જેથી આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો અનુભવાશે. મોરબી અને ચોટીલામાં હળવો વરસાદ થતાં ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાય જાય એવી સ્થિતિ સર્જાઈ છે. ઉત્તર પાકિસ્તાન તરફના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાન ખાતાએ આજે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દ્વારકા, ભાવનગર, કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં અરવલ્લી સહિતના વિસ્તારોમાં હળવો વરસાદ થવાની આગાહી કરી છે. રાજ્યના બાકીના ભાગોમાં વાતાવરણ સૂકું રહેશે. બીજી તરફ સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૧ અને મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી રહેવાની શક્યતાઓ છે. આગામી ત્રણેક દિવસમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો થશે. મેદાની વિસ્તારોમાં ફૂંકાયેલા પવનોની અસર ગુજરાતમાં પણ જોવા મળી છે. ઉત્તર ગુજરાત અને અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર, કચ્છ અને સંઘ પ્રદેશ દીવ તથા દમણમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. પશ્ચિમ તથા ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાવાને લીધે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છ સહિતના વિસ્તારોમાં વાતાવરણ સૂકું જોવા મળશે. આગામી પાંચ દિવસ સુધી આ વિસ્તારોમાં વાતાવરણ સૂકું જોવા મળશે. સપ્ટેમ્બરમાં વરસાદે ધડબડાટી બોલવતા ખેડૂતોના પાકને પારાવાર નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. બીજી તરફ વરસાદે વિરામ લેતાં શિયાળો શરૂ થયો છે, પરંતુ હજી પણ સતત માવઠાંની આગાહી વચ્ચે ખેડૂતોની ચિંતાઓ ઓછી થઈ નથી. સૌરાષ્ટ્રમાં મગફળી અને કપાસના પાકને માવઠાને લીધે નુકસાન થવાની ભીતિ છે. રાજકોટ જિલ્લાના ધોરાજી, વીરપુર, મંડલિકપુરમાં તેમજ મોરબી જિલ્લાના હળવદ, માળિયા તથા દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા સલાયાના ગ્રામ્ય પંથક ઉપરાંત કાંકરેજ તાલુકાના થરામાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો.

# ઊના PGVCLએ વર્ક ઓર્ડર ન હોવા છતાં કોન્ટ્રાક્ટરને કામ આપ્યું

ઊના,

ઊના ૨ સબડિવિઝનમાં પીજીવીસીએલમાં ફરજ બજાવતા એમ.વી. બાંભણીયા (DE) અને કોન્ટ્રાકટર બન્ને કામ રાખે છે. અને ડિવિઝન ઓફિસમાંથી કામના વર્ક ઓર્ડર નંબર-૧૪૧૫/૨૨-૧૧-૧૭ ૧૭થી કામ આપવામાં આવ્યું છે. તે ઓડર પૂર્ણ થઇ ગયો હોય તેમ છતાં HT, LT લાઈન કામ કરવા માટે મટીરીયલ લેવામાં આવ્યું છે. જ્યારે આ મટીરીયલ મળ્યા બાદ સ્થળ ઉપર એચવીડીએસ સ્કીમનું કામ કરવામાં પણ આવેલ છે. પરંતુ હાલમાં તા.૦૮ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં આ કામના બિલ મુકવામાં આવ્યા નથી. આથી સ્પષ્ટ થાય છે એડવાન્સ વર્ક ઓર્ડર ન હોવા છતાં કામ આપવામાં આવ્યા છે. અને અધિકારી (DE)એ એડવાન્સ વર્ક ઓર્ડર વિના કામ આપી ભાગીદારીનો લાભ ઉઠાવી અને લાખોની રૂપીયાની ગેરરીતી આચરવામાં આવી હોવાનો આક્ષેપ ભરતભાઈ ભીખાભાઈ રાઠોડે કર્યો છે. આ બાબતે પીજીવીસીએલ કચેરીને સંબોધી મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી યોગ્ય તપાસ કરવા માંગ કરી છે. ઊના-૨ સબડિવિઝનના ડીઈ અને કોન્ટ્રાક્ટર જીગ્નેશ પુરોહીતે વર્ક ઓર્ડર નંબર૧૪૧૫/૨૨-૧૧-૧૭ PO-NO ૧૨૨૮૫૪ TS NO-(૧)૪૮૮/૮-૨-૧૮(૨)૩૫૪૩/૧૦-૦૮-૧૮(૩)૪૮૯/૮-૨-૧૮ થી લાઈન કામનો માલ સામાન HVDS સ્કીમનો ઈસ્યું કરવામાં આવ્યો છે. આ કામ નિયમ વિરુદ્ધ કરવામાં આવ્યું છે. આથી એન્જિનિયર બામણીયાએ પોતાના લાભ માટે કંપની લૂંટવાનું કામ કરી પીજીવીસીએલને આર્થિક નુકસાન પહોંચાડયું હોવાની રજૂઆત કરાઈ છેઊના પીજીવીસીએલ દ્વારા વર્ક ઓર્ડર નહોવા છતાં ઓફલાઈન કામગીરી કોન્ટ્રાક્ટરને આપી હોવાનો આક્ષેપ થયો છે. ઉપરાંત કોન્ટ્રાક્ટર અને ઊના પીજીવીસીએલ ડિવિઝન કચેરી હેઠળ સબ ઊના-૨માં ફરજ બજાવતા અધિકારી અને કોન્ટ્રાક્ટર બન્ને ભાગીદારીમાં કામ રાખતા હોવાનો સુર ઉઠ્યો છે. આ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરી તપાસ કરવા માંગ કરી છે.

# જૂની પેન્શન યોજના શરૂ કરાવવા શિક્ષકોએ લડી લેવાની તૈયારી બતાવી

લુણાવાડા,

જૂની પેન્શન યોજના શરૂ કરવા શિક્ષકો આકરા મૂળમાં લડી લેવાની તૈયારી બતાવી હતી. આગામી સમયમાં જિલ્લાના દરેક તાલુકાઓમાં પણ બેઠકો કરી દરેક તાલુકાઓમાં આવેદનપત્ર તેમજ રચનાત્મક કાર્યક્રમ કરવાનું નક્કી કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા સંઘના શશીકાંતભાઈ પટેલ,લુણાવડા સંઘના પ્રમુખ બીપીનકુમાર પટેલ સહિત તમામ હોદ્દેદારો હાજાર રહ્યા હતામહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ જિલ્લાના ૪૦૦ જેટલા પ્રાથમિક શિક્ષકોની લુણાવાડા પર પાટીદાર સમાજ ભવનમાં રાજ્ય સંઘના પ્રચારક મંત્રી નરેન્દ્રભાઈ ગોહિલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. જેમાં ચર્ચા થઈ હતી કે તા.૧/૪/૨૦૦૫થી નવી પેન્શન યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ૧/૪/૨૦૦૫ પહેલા નોકરીમાં જોડાયેલા શિક્ષકો જૂની પેન્શન યોજના મેળવવા હકદાર છે. તે જ પ્રમાણે તા.૧/૪/૨૦૦૫ પછી સેવામાં જોડાયેલા શિક્ષકોને પણ જૂની પેન્શન યોજનાનો લાભ આપવા માંગણી કરેલ છે. કારણ કે ૧/૪/૦૫ પછી જોડાયેલા શિક્ષકો ૩૦ થી ૩૫ વર્ષ જેટલી નોકરી પૂર્ણ કરી જ્યારે નિવૃત થાય છે ત્યારે નવી પેન્શન યોજનામાં નજીક રકમ મળે છે. જે રકમથી શિક્ષકને પરિવાર સાથે ગુજરાન ચલાવવાનું ખૂબ મુશ્કેલ બને છે.

# CHC કડાણા ખાતે દેશમાં સો કરોડ વેકસિનેશનની કામગીરીની ઉજવણી કરવામાં આવી

લુણાવાડા,

૧૦૦ કરોડના રસીકરણની રાષ્ટ્રીય સિધ્ધિ નિમિત્તે જાણે કે આરોગ્ય પરિવાર માટે દિવાળીની ઉજવણીનો તહેવાર હોય તેમ જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ સહિત જિલ્લાના તમામ આશાવર્કર બહેનો અને ફીમેલ–મેલ હેલ્થ વર્કરોએ ગગનમાં ૧૦૦ ફુગ્ગા ઉડાડીને તો આરોગ્ય કેન્દ્રોમાં રંગોલી પૂરીને પોતાની ખુશહાલી વ્યકત કરી અથસે આ ખુશહાલીના ભાગરૂપે તાજેતરમાં મહીસાગર જિલ્લાના કડાણા ખાતેના સી.એચ.સી. ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે ખાનપુર વહીવટી કર્મચારીઓ દ્વારા આરોગ્ય કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું જયારે તાલુકા આરોગ્ય અધિકારીનું ખાનપુરના વહીવટી કર્મયોગીઓ વતી પોલીસ ઈન્સ્પેકટર દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જયારે આરોગ્ય કેન્દ્રને રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

# મહીસાગર પોલીસે સામૂહિક સાયકલ રેલી યોજી

લુણાવાડા,

બહોળી સંખ્યામાં પોલીસ તથા નગરજનો જોડાયેલા જે સાયકલ રેલી નક્કી કરવામા આવેલ રૂટ મુજબ શરૂ કરી અને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ કરવામાં આવેલ ત્યાર બાદ તમામ સાયકલ રેલીમાં ભાગ લેનારને લીંબુ પાણી તથા સાદા પાણીનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ મહીસાગર પોલીસ અધિક્ષક દ્વારા સાયકલવીરોનું સન્માન કરવામાં આવેલું તેમજ શરીરની તંદુરસ્તી માટે સાયકલીંગ તથા બીજી કસરતોના શરીરને ફાયદા વિશે આગવી માહિતી પુરી પાડી રેલી સંપન્ન કરવામાં આવી હતીઆઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત મહીસાગર જિલ્લા મેજીસ્ટ્રેટ ડો મનીષકુમાર સાહેબ તથા જિલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટની આગેવાની હેઠળ લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી સવારે ૬:૪૫ વાગ્યાથી સાયકલ રેલીનુ આયોજન કરવામાં આવેલ હતું.

# આજનું રાશી ભવિષ્ય | તા.૨૬/૧૦/૨૦૨૧ મંગળવાર

મેષ : (અ.લ.ઈ.), ખોટા ખર્ચાઓ ઉપર કાબુ રાખવુ,મોટા રોકાણમાં અનુભવીની સલાહ લેવી, સંતાનોની સામાન્ય ચિંતા રહેશે, જુની વાતોને ભુલી નવા કામમાં ધ્યાન આપો.

વૃષભ : (બ.વ.ઉ.), કામમાં ઉત્સાહમાં વધારો થશે, ભાઈઓ અને પરિવારના સભ્યોનો સહકાર મળશે, અમુલ્ય વસ્તુ મેળવવાની અભિલાષા પુરી થશે, મહત્વપૂર્ણ નિર્ણયો ના લેવા.

મિથુન : (ક.છ.ઘ.), આર્થિક સ્થિતિ મજબૂત બનશે, ધન પદ પ્રતિષ્ઠામાં વધારો થશે, પરિવાર-સંતાનોના પ્રશ્નો હળવા બનશે, માનસિક વ્યાકુળતા જણાશે.

કર્ક : (ડ.હ.), યાત્રા પ્રવાસથી લાભ થાય, સન્માન અને લાભ મળશે, તબીયત બાબતે કાળજી રાખવી, કારણ વગરનો તનાવ રહેશે.

સિંહ : (મ.ટ.), પિતા અથવા વડીલનો સહકાર મળશે ,ભોાગ્યબળનો વધારો થશે. પરિવારથી તનાવ જણાશે, વાણી ઉપર સંયમ રાખવો જરુરી છે.

કન્યા : (પ.ઠ.ણ.), પારિવારિક જીવન સુખમય રહેશે, સંતાનોથી લાભ થશે, ધનપ્રાપતિના ઉત્તમ યોગો જણાય છે, લેવડ દેવડમાં સાવધાની રાખવી.

તુલા : (ર.ત.), ધંધાકિય બાબતે તકલીફ જણાશે, કારણ વગરની ચિંતા અનુભવશો, જુના સબંધી મીત્રોની મુલાકાત થશે, ધન હાનીની સંભાવના છે.

વૃશ્ચિક : (ન.ય.), હરિફાઈવાળા કામમા વિજય થશે, તબીયત બાબતે સાચવવુ, અટવાયેલા કામો પૂર્ણ થશે, વિરોધીઓ પરાજીત થશે.

ધન : (ભ.ધ.ફ.ઢ.), આર્થિક યોજનાઓ સફળ બનશે, સન્માન અને ધનનો લાભ મળશે, સંતાન સબંધે સારુ સુખ મળશે, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર : (ખ.જ.), ધંધા રોજગારમાં સારી સફળતા મળશે, મકાનસુખ સારુ મળશે, નવા વાહન લેવાના યોગ બને છે, ખોટા ખર્ચાઓ ઉપર કાબુ રાખવો.

કુંભ : (ગ.શ.ષ.સ.), ઘર વપરાશની ચીજોમાં વધારો થશે, આજીવિકામાં નવી તકો મળશે, પરિવારથી સામાન્ય તણાવ જણાશે, આવક જાવકનું પ્રમાણ જળવાઈ રહેશે.

મીન : (દ.ચ.ઝ.થ.), ધંધાકિય યોજનાઓ પરિપૂર્ણ થશે, ચામડી અથવા પેટ વિષયક સામાન્ય ફરીયાદ જણાશે, પરિવારજનોનો સહયોગ મળશે,ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવુ.

# અચાનક આવી ચઢેલા માવઠાએ ખેડૂતોની કપાસ-મગફળી-ડુંગળી બગાડી

જેતપુર,

ભાવનગર જિલ્લામાં માવઠું થતાં ખેડૂતોના તૈયાર પાકને વ્યાપક નુકશાન થાય એવી શક્યતા છે. જ્યારે ખેડૂતો જ્યાં પોતાની જણસ વેચાણ માટે લઈને આવે છે અને જ્યાં કપાસ, મગફળી અને અનાજ સહિતનો પુષ્કળ માલ એકત્ર થાય છે એવા જિલ્લાના એક પણ માર્કેટયાર્ડને માવઠાની અસર નથી થઈ એ ખૂબ સારી બાબત છે. ચોમાસા દરમ્યાન અતિભારે વરસાદને કારણે ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઈ રહેતા પાકમાં વ્યાપક પ્રમાણમાં નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો, હવે જ્યારે ચોમાસાએ વિદાય લઈ લીધી છે, એવા સમયે જ જિલ્લાના મહુવા અને જેસર તાલુકા પંથકમાં વાદળો ઘેરાતા વાતાવરણમાં આવેલા પલટાના કારણે માવઠું થયું હતું. ખેતરોમાં પાક તૈયાર થયો છે અને ત્યારે જ ફરી માવઠું થતાં ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. હાલ ખેડૂતો તૈયાર પાકની કાપણી અને લણણી કરી રહ્યા છે, અને એવામાં વાતાવરણમાં પલટો આવતાં અચાનક વરસાદ વરસવાનો શરૂ થઈ જતાં વાડી ખેતરોમાં ખેડૂતોનો કપાસ, બાજરી, તલ અને મગફળી સહિતનો તૈયાર પાક પલળી ગયો હતો. હાલમાં ખેડૂતો પોતાના ખેતરો માથી તૈયાર પાક માર્કેટયાર્ડ ખાતે વેચાણ માટે લઈને આવી થયા છે, ત્યારે સારા ભાવો મળી રહે એવી ખેડૂતોએ આશા વ્યક્ત કરી હતીઅતિવૃષ્ટિમાં ખેડૂતોના ઉભા પાકનું ધોવાણ થયું હતું અને જે બચેલો પાક હતો તેને તૈયાર કરીને જેવો માર્કેટિંગ યાર્ડમાં લાવવામાં આવ્યો તો ત્યાં કમોસમી વરસાદે પલાળી નાંખ્યો. આમ અનેક ખેડૂતોને મોટું નુકસાન કર્યું, ગત રાત્રિના રોજ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો હતો. જેમાં જેતપુરના માર્કેટિંગ યાર્ડમાં વરસાદે મોટી નુકસાની કરી છે. યાર્ડમાં વેચવા માટે લાવેલ મગફળી, ડુંગળી જેવી જણસીઓ પલળી ગઈ છે. વરસાદી પાણીમાં મોટાપાયે નુકસાન થયું છે. જેતપુર માર્કેટિંગ યાર્ડમાં મગફળીની બોરીઓ પલળી ગઈ હતી. જેમાં ખેડૂતો અને વેપારીઓની મગફળીને મોટું નુકસાન થયું છે. લાખો રૂપિયાની મગફળી કમોસમી વરસાદમાં પલળી ગઈ છે, સાથે જ યાર્ડમાં રાખવામાં આવેલ ડુંગળી પણ પલળતા ખેડૂતોની હાલત દયનીય થઈ છે. હાલ તો ખેડૂતોની હાલત પડ્યા ઉપર પાટા જેવી બની છે. કારણ કે પ્રથમ અતિવૃષ્ટિમાં તૈયારી ઉપર આવેલ પાક તણાઈ ગયો અને હવે કમોસમી વરસાદે તૈયાર પાકને ધોઈ નાંખ્યો. કમોસમી વરસાદથી ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં લાખોનું નુકસાન થયું છે. અચાનક વરસેલા વરસાદમાં યાર્ડમાં પડેલ મગફળી, કપાસ, તલ અને ડુંગળી પલળી ગઈ છે. માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલ ખેડૂતો અને વેપારીઓની મગફળી, કપાસ, તલ અને ડુંગળી પલળતા મોટું નુકસાન થયું છે. યાર્ડમાં આવેલ મગફળી અને ડુંગળીની બોરી પલળી જતા ખેડૂતો ટેન્શનમાં આવી ગયા છે. ધોરાજી યાર્ડ દ્વારા કોઈ યોગ્ય વ્યવસ્થા ના હોય ખેડૂત અને વેપારીઓને મોટી નુકસાની ભોગવવાનો વારો આવ્યો હોવાનો ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો. યાર્ડમાં ખેડૂતોનો પાક રાખવા કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ખેડૂતોનો પાક પલળી ગયો હતો.

# દાહોદ જિલ્લામાં કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા એક વર્ષમાં ૬૯૦૦૯ પશુઓની સારવાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, લીમખેડા તાલુકાના પાડા ગામના પશુપાલક પંકજભાઇ ચૌહાણને એક મુસીબત આવી પડી. તેમની ગર્ભવતી ભેંસ પ્રસવની પીડાથી ભાંભરતી હતી. પણ કોઇ ઉકેલ આવતો નહોતો. આવા સંજોગોમાં તેમણે ૧૯૬૨ નંબર ઉપર ફોન કર્યો અને કરૂણા પશુ એમ્બ્યુલન્સને બોલાવી. પશુ ચિકિત્સા અધિકારી ડો. ભાનુસિંહ પરમારે ભેંસની તપાસ કરી તો બચ્ચુ ગર્ભાશયમાં જ મૃત્યું પામ્યું હતું. તેમણે ત્રણ કલાક લાંબા ઓપરેશન બાદ મૃત્ય બચ્ચાને બહાર કાઢી ભેંસને બચાવી લીધી. દાહોદ જિલ્લામાં શરૂ કરવામાં આવેલી કરૂણા પશુ એમ્બ્યુલન્સ પંકજભાઇ જેવા અનેક પશુપાલકો માટે આશીર્વાદરૂપી સાબિત થઇ રહી છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષથી ચાલી રહેલી કરૂણા પશુ એમ્બ્યુલન્સ દ્વારા અત્યાર સુધી કુલ મળીને ૬૯૦૦૯ પશુઓને સારવાર લગતા કોલ મળ્યા છે. ૬૨૩૮૫ શિડ્યૂલ દરમિયાન ફાળવેલ ૧૦ ગામમાં અને ઈમરર્જેસી મા ૬૬૨૪ પશુની સારવાર કરવામાં આવી છે.

કરૂણા પશુ એમ્બ્યુલન્સ દ્વારા દાહોદ જિલ્લાના તાલુકા પ્રમાણે કરાયેલી સારવારની સંખ્યા જોઇએ તો ઝાલોદમાં ૯૬૪૫, દાહોદમાં ૯૧૫૧, ફતેપુરામાં ૯૮૪૬, સિંગવડમાં ૪૧૫૫, લીમખેડામાં ૫૭૯૭, ધાનપુર તાલુકામાં ૩૮૭૮, સંજેલીમાં ૫૭૫૯ અને દેવબગઢ બારિયા તાલુકામાં ૧૦૧૭૯ પશુઓની સારવાર કરવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં કુલ ૧૭ આવા ફરતા પશુ દવાખાના છે. જેમાં દાહોદ તાલુકામાં મોટી લછેલી અને ટાડા લીમખેડા તાલુકામાં નાની વાસવાણી, સીઘવડ તાલુકામાં તારમી, સજેલીની કરભા અને પીછોડા, ફતેપુરા તાલુકામાં ચીખલી અને મોટી ઢઢેલી, ઝાલોદમાં ગરાડું અને છાયણ, ધાનપુરમાં પીપેરો અને નાકટી તથા દેવગઢ બારીયા તાલુકા ખાતે કાળી ડુંગરી, સાગટાળા અને રામપુરા દેવી ખાતે આ ફરતા પશુ દવાખાના કાર્યરત છે.

કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા સારવાર આપવામાં આવેલા રોગના પ્રકારો પણ જાણવા જોઇએ. દાહોદ જિલ્લાના પશુઓમાં મોટા ભાગે બાહ્ય પરોપજીવીની સારવાર આ સેવામાં કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં ૨૭૯૫૭ પશુઓને બાહ્ય પરોપજીવીથી મુક્ત કરવામાં આવ્યા છે. આ જ રીતે ૫૨૪૭ પશુઓને ઘાની સારવાર અપાઇ છે. ૪૨૯૬ પશુઓના ગર્ભ પરીક્ષણ કરવામાં આવ્યા છે. ઘણી વખત એવું થાય છે કે પશુપાલકને માલૂમ પડતું નથી કે પશુને ગર્ભ રહ્યો છે કે નહીં ? એવા સમયે આ સેવા મદદ પૂરી પાડે છે. તાવના ૧૮૮૨, ઝાડાના ૧૨૦૪૦ કેસોમાં સારવાર આપવામાં આવી છે. કૃમિના ૩૫૮૫, આફરાના ૯૯૦ કેસોમાં સારવાર આપવામાં આવી છે. વધારા પડતું લીલું ઘાસ ખાવાથી કે કોઇ ચારો ખાવાથી પશુઓને ગેસ થવાની સમસ્યાને આફરો કહેવામાં આવે છે. પાઠાના ૬૨૦, ઓર ના પડવાના ૩૦૦ ઉપરાંત ચાર કેસમાં ગાભણા પશુઓને સિઝેરીયન કરીને બચ્ચાને જન્મ આપવામાં આવ્યો છે. રાની પશુઓ દ્વારા હુમલામાં ઘાયલ થયેલા ચાર પશુઓને પણ આ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર આપવામાં આવી છે.

૨૮૯૪૦ ગાયો, ૧૭૦૧૩ ભેંસો અને ૨૧૬૨૦ બકરા ઉપરાંત ૩૩૪ કૂતરા, ૨૦ ઘોડા, ૪૭૪ મરઘા, ૨૦ ઊંટ, ૨૧ બિલાડી, ૧૦ કબૂતર, ૨૫ ચામાચીડીયા, ૧૦ કાગડા, ૧૭ ગધેડા, એક બાજ, ૩૨ સસલા, ૨ વાંદરા, એક મોર અને એક ખીસકોલી જેવા પ્રાણીઓની પણ સારવાર કરવામાં આવી છે.

આમ, કરૂણા એમ્બ્યુલન્સ દાહોદમાં ઉત્તમ સેવા કરી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર તથા જિલ્લા પશુપાલન અધિકારી ડો. કમલેશ ગોસાઇ, જિલ્લા પ્રોજેક્ટ ઇન્ચાર્જ અશોક જાંગીડ સમયાંતરે આ કામગીરીની સમીક્ષા કરતા રહે છે.

# દાહોદમાં પોલીસ સંભારણા દિવસ નિમિત્તે વિવિધ સ્પર્ધા યોજાઈ



દાહોદ, પોલીસ સંભારણા દિવસ નિમિત્તે દાહોદમાં તારીખ ૨૪મી ઓક્ટોમ્બરના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ સ્પર્ધાઓમાં, કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ, બાળકો તેમજ પોલીસ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દાહોદ જિલ્લા પોલીસ વિભાગ અને નેહરૂ યુવા કેન્દ્ર સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૪મી ઓક્ટોમ્બરના રોજ પોલિસ સંભારણા દિવસ ૨૦૨૧ની ઉજવણીના ભાગરૂપે દાહોદના પોલીસ હેડ ક્વાટર્સ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રતિસ્પર્ધાઓ જેવી કે, ચિત્રકલા, વક્તૃત્વ સ્પર્ધા, હથિયારો, કોમ્બેટ વેહીકલ્સ તથા અગત્યની સામગ્રીના પ્રદર્શન, તેરી મીટ્ટીમે મીલ જાવા સંગીત સંધ્યા કાર્યક્રમ, પ્રદર્શન સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. આ તમામ કાર્યક્રમોમાં પોલીસગણ મિત્રો સહિત વિદ્યાર્થીઓ, બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ જોડાયાં હતાં. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના પોલીસ વડા હિતેશ જોયસરે પણ ખાસ ઉપસ્થિતી આપી ભાગ લેનાર વ્યક્તિઓને પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું. આ કાર્યક્રમનો મુળ હેતુ યુવાનોમાં સેન્સેટીવી વધે, વિશ્વાસ વધે જેવા ઉમદા હેતુસર આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓ માટે ૬૪ લોકોએ રજીસ્ટ્રેશન કર્યું હતું.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં ત્રણ વ્યકિતના મોત

દાહોદ, દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક ૧૦ વર્ષીય બાળક સહિત ત્રણ જણાના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. બંન્ને બનાવ સંદર્ભે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના લીમડી ગામે રામજી મંદિર ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૪મી ઓક્ટોમ્બરના રોજ આ વિસ્તારમાં ભુપેન્દ્રભાઈ બિહારીદાસ વૈરાગીના તબેલામાં મજુરી કામ કરી રહેલ એક ટ્રેક્ટરની ઉપર ૧૦ વર્ષીય શિવાભાઈ સુરેશભાઈ ડિંડોર (રહે. સુડીયા, તળાવ ફળિયું, તા. સીંગવડ, જિ.દાહોદ) નો ટ્રેક્ટર ઉપર ચઢી પાણીની પાઈપ કાઢતો હતો. આ દરમ્યાન શિવાભાઈ અકસ્માતે ટ્રેક્ટર પરથી નીચે પટકાયો હતો અને આ દરમ્યાન ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર રિવર્સ લેતાં નીચે પટકાયેલ શિવાભાઈ ઉપર ટ્રેક્ટરનું પૈડું ચઢી જતાં શિવાભાઈને તાત્કિલાક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યાં હતાં પરંતુ જ્યાં સારવાર દરમ્યાન શિવાભાઈનું શરીરે, હાથે પગે અને માથાના ભાગે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજતાં આ સંબંધે શારદાબેન સુરેશભાઈ ડિંડોર દ્વારા ટ્રેક્ટરના ચાલક વિરૂધ્ધ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના પંચેલા ગામે નેશનલ હાઈવે ખાતે ગત તા.૨૪મી ઓક્ટોમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના રાણાપુર ખાતે રહેતો એક પરિવાર પોતાની ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ પંચેલા ગામેથી પસાર થઈ રહ્યોં હતો. આ દરમ્યાન એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફોર વ્હીલર ગાડીને જોશભેર ટક્કર મારતાં ફોર વ્હીલર ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં સવાર રમેશભાઈ બાપુભાઈ પ્રજાપત, સરલાબેન હિંમતસિંહ પુરોહીત, જયાબેન રમેશભાઈ પ્રજાપત, માહીબેન રમેશભાઈ પ્રજાપત, શશીકલાબેન રાજુભાઈ પુરોહીત, સિધ્ધાર્થભાઈ રાજુભાઈ પુરોહીતનાઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તમામને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જ્યાં સારવાર દરમ્યાન રમેશભાઈ અને સરલાબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના રાણાપુર ખાતે રહેતાં કમલેશભાઈ બાપુભાઈ પ્રજાપત દ્વારા પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદથી ભોપાલ જતી ડેમૂ ટ્રેનમાં અનારક્ષિત ટિકીટ શરૂ



દાહોદ, દાહોદ-રતલામ-ભોપાલ ડેમૂ ટ્રેનમાં રેલ ખંડના નાના સ્ટેશનો મોટી સંખ્યામાં છે અને અહીંથી મુસાફરોને રિઝર્વેશન ટિકીટ મળતી ન હતી. કોરોનાકાળ બાદ શરૂ કરાયેલી આ લોકલ ટ્રેનને સ્પેશ્યલ ટ્રેનમાં પરિવર્તિત કરીને ચલાવાઇ રહી હતી. દાહોદથી રતલામ વચ્ચે મેઘનગર, થાંદલા રોડ અને બામનિયા રેલવે સ્ટેશનો ઉપર આરક્ષિત ટિકીટની સુવિધા છે પણ અન્ય સ્ટેશનો ઉપર સુવિધા ન હોવાથી મુશ્કેલી પડતી હતી.દાહોદથી ભોપાલ સુધી જતી ડેમૂ ટ્રેનમાં હવે ૨૫ ઓક્ટોબરથી અનારક્ષિત ટિકીટની સુવિધા રેલવે શરૂ કરવા જઇ રહ્યું છે. સ્પેશ્યલ ટ્રેન હોવાને કારણે અનારક્ષિત ટિકીટ હોવા છતાં આ ટ્રેનમાં વર્તમાન ભાડુ જ વસુલ કરવામાં આવશે. જ્યારે ભોપાલથી દાહોદ તરફ આવતી ડેમૂમાં હાલ પૂર્વવત રિઝર્વેશન ટિકીટ જ લેવી પડશે. ઉલ્લેખનિય છે કે, કોરોના કાળ બાદ પુનઃ શરૂ કરાયા બાદ દાહોદ-ભોપાલ ડેમૂ ટ્રેનને રેલવે દ્વારા આરક્ષિત ટિકીટ સાથે દોડાવવામાં આવી રહી હતી. જ્યારે પરોઢના સમયે દાહોદથી રતલામ અને રતલામથી ભોપાલ સુધી રેલ ખંડમાં સામાન્ય મુસાફરો માટે આ બહુ ઉપયોગી રેલવે સેવા છે. નાના સ્ટેશનો ઉપર આ ટ્રેનનું સ્ટોપેજ હોવાને કારણે અહીંથી પોતાના ગંતવ્ય સ્થળની મુસાફરી માટે આરક્ષિત ટિકીટ મળતી નહોતી. જેથી લોકો તેનો લાભ મેળવી શકતા ન હતાં. રેલવે દ્વારા ટ્રેનની ટિકીટને અનારક્ષિત કરતાં ખાસ કરીને દાહોદ-રતલામ અને રતલામ-નાગદા-ઉજ્જૈનના નાના-નાના સ્ટેશનના મુસાફરોને તેની સુવિધા હવે પૂર્વવત મળશે. સામાન્ય મુસાફરોની મુશ્કેલી અને માગણી તેમજ તહેવારો જોઇને પ્રપોઝલના આધારે ડેમૂ ટ્રેનમાં દાહોદથી ભોપાલ તરફ અનારક્ષિત ટિકીટની સુવિધા ૨૫ ઓક્ટોબરથી શરૂ કરાઇ રહી છે. ભોપાલ દાહોદ ડેમૂ હાલમાં આરક્ષિત ટિકિટ સાથે જ ચાલશે. ડેમૂ હાલમાં સ્પેશ્યલ તરીકે ચલાવાઇ રહી છે માટે અનારક્ષિત ટિકીટના ભાવમાં કોઇ પરિવર્તન નહીં કરાય.

# દે.બારીયા તાલુકામાં સગીરા સાથે દુષ્કર્મની ઘટના અંગે યુવકના પરિવાર દ્વારા પથ્થરો વડે હુમલો કરી ધિંગાણું કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાં એક ૧૭ વર્ષીરા ઉપર એક યુવકે દુષ્કર્મ આચર્યા બાદ આ મામલે દુષ્કર્મનો ભાગે બનેલ સગીરાના પિતાએ યુવક સહિત તેના પરિવારજનો સાથે આ મામલે વાતચીત કરતાં યુવક તેમજ તેના પરિવારજનો દ્વાર સગીરાને અને તેના પરિવારજનોને બેફામ ગાળો બોલી મારી નાંખવાની ધમકી આપી છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકાના કોયડા ગામે રહેતો રાહુલભાઈ રમેશભાઈ પટેલે દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાનો હાથ પકડી, મારી નાંખવાની ધમકી આપી નજીકના જંગલ વિસ્તાર તરફ લઈ ગયો હતો. જ્યાં સગીરાની મરજી વિરૂધ્ધ રાહુલભાઈએ સગીરા ઉપર દુષ્કર્મ આચર્યુ હતું. આ મામલે સગીરાના પરિવાજનો દ્વારા યુવક અને તેના પરિવારજનો સાથે વાતચીત કરવા જતાં રાહુલભાઈ રમેશભાઈ પટેલ, પર્વતભાઈ દાજીભાઈ નાયક, ગંગાબેન પર્વતભાઈ નાયક, ધનીબેન દાજીભાઈ નાયકનાઓએ સગીરાના પરિવારજનોને બેફામ ગાળો બોલી, છુટ્ટા પથ્થરો અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે દુષ્કર્મનો ભાગે બનેલ સગીરા દ્વારા ઉપરોક્ત યુવક અને તેના પરિવારજનો વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તહેવાર સમયે સુરતમાં રોજના ૭૦ કરોડના કપડા, ૧૫ કરોડનું સોનું વેચાણ

સુરત, દિવાળીને લઈને કપડાની ડિમાન્ડમાં પણ વધારો થયો છે. જેમાં રેડીમેઈડ, કપડાં અને ફેબ્રિક્સનું પણ વેચાણ થઈ રહ્યું છે. એપેરલની ડિમાન્ડમાં વધારો નોંધાઈ રહ્યો છે. સુરતમાં રોજના અંદાજે ૫૦ કરોડ રૂપિયાની વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું હોવાનું રિટેઈલરો કહી રહ્યાં છે. ઓનલાઈનથી લોકો ખરીદી કરી રહ્યાં છે પરંતુ સુરતમાં જ મોટાભાગની ટેક્સટાઈલ પ્રોડક્ટ બનતી હોવાથી લોકો સ્થાનિક દુકાનમાંથી ખરીદી કરવાનું વધારે પસંદ કરી રહ્યા છે. હાલમાં સોમવારથી શુક્રવાર દરમિયાન શહેરમાં ૫૦ કરોડ રૂપિયાનો જ્યારે શનિ-રવિ દરમિયાન ૭૦ કરોડથી વધારેનો ટેક્સટાઈલમાં બિઝનેસ થઈ રહ્યો છેવર્ષના સૌથી મોટા તહેવાર દિવાળીને આડે હવે માંડ ૧૦ દિવસ બાકી છે ત્યારે ત્યારે શહેરના બજારોમાં ફુલ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની નાની મોટી દરેક માર્કેટોમાં લોકો ધૂમ ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. રવિવારે ભાગળ, વરાછા, પાલ-અડાજણ, વેસુ, પીપલોદ વગેરે જેવા તમામ વિસ્તારોમાં ખરીદારોની ભારે ભીડ જામતી જોવા મળી હતી. સામાન્ય રીતે શહેરીજનો જ્વેલરીની ખરીદી પુષ્યનક્ષત્ર અને ઘનતેરસના દિવસે કરતા હોય છે પરંતુ બે વર્ષથી લગ્નની સિઝન ખોરવાઈ ગઈ છે ત્યારે દિવાળી બાદ થોડા જ દિવસોમાં લગ્નસરા શરૂ હોવાથી લોકો હાલમાં જ્વેલરીની ખરીદી પણ કરી રહ્યા છે. શહેરમાં રોજની અંદાજે ૧૫ કરોડ રૂપિયાની જ્વેલરીનું વેચાણ થઈ રહ્યું છે. જ્યારે ૪ કરોડ રૂપિયાના ફ્રિઝ, ટી.વી, વોશિંગ મશીન વગેરેનું વેચાણ થઈ રહ્યું છે. બીજી તરફ ૭૦ કરોડ રૂપિયાની ગાર્મેન્ટ્સનું દુકાનોમાંથી રોજિંદુ વેચાણ થઈ રહ્યું હોવાની માહિતી મળી રહી છે. જ્વેલર્સો માટે પુષ્પ નક્ષત્ર અને ધનતેરસ સૌથી અગત્યનો દિવસ ગણાય છે. સામાન્ય દિવસો કરતાં વધારે દાગીનાનું વેચાણ થાય છે. પરંતુ કોરોનાકાળમાં લગ્ન ધામધૂમથી ઉજવી શકાયા ન હતાં. જેમના લગ્ન મોકૂફ થયા હતાં તેઓ પણ લગ્ન કરી રહ્યાં છે માટે હવે જ્વેલરીની ખરીદી પણ નિકળી રહી છે. હાલ શહેરમાં રોજની અંદાજે રોજની ૧૫ કરોડ રૂપિયાની જ્વેલરીનું વેચાણ થઈ રહ્યું છે. ઈબ્જાના પ્રમુખ નૈનેષ પચ્ચીગર કહે છે કે, 'લગ્નસરાની સિઝનને ધ્યાનમાં રાખીને લોકો ખરીદી કરતાં થયા છે. ખાસ કરીને લાઈટ વેઈટ જ્વેલરીઓ લોકો વધારે પસંદ કરી રહ્યા છે, જ્યારે લગ્ન માટે હેવી જ્વેલરીની પણ વધારે ડિમાન્ડ છે.લ્ર છેલ્લા ૬ મહિનાથી શહેરમાં તમામ બિઝનેસો ગ્રોથ કરતાં લોકોની આવક વધી છે. રોજ અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ટીવી, ફ્રિઝ, વોશિંગ મશીન, ડિશ વોશર સહિતના ઈલેક્ટ્રોનિક એપલાયન્સીસનું વેચાણ થઈ રહ્યું છે. ખાસ કરીને ૫૫ ઈંચના ટીવી, ૩૦૦ લિટરના ફ્રિઝ જેવી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓની ડિમાન્ડમાં વધારો થયો છે. ઈલેક્ટ્રોનિક્સ એપલાયન્સના વિક્રેતા અનિલ જેટવાણી કહે છે કે, 'સપ્ટેમ્બર પછી એપલાયન્સીસની ડિમાન્ડમાં વધારો થયો છે. ખાસ વર્ષ ૨૦૧૯ની દિવાળીમાં જે ગ્રોથ હતો તે હાલ નોંધાઈ રહ્યો છે. જેમણે કોરોનાકાળમાં ખરીદી અટકાવી હતી તે લોકો હવે ખરીદી કરવા માટે નિકળી રહ્યા છે.લ્ર સોના અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના વેચાણની જેમ મોબાઈલનું પણ શહેરમાં વેચાણ થઈ રહ્યું છે. એક અંદાજ પ્રમાણે શહેરમાં રોજના ૩ હજાર મોબાઈલ ફોન વેચાઈ રહ્યા છે. આ અંગે શહેરના એક જાણીતા મોબાઈલ સ્ટોરના ઓનર સંજીવ ભાટિયા કહે છે કે, હાલમાં દિવાળીના માહોલની સાથે લોકો ફોનની ખરીદી કરી રહ્યા છે. લોકોને હાલ ઈએમઆઈથી ફોન મળી રહ્યાં હોવાથી સરળતાથી ફોનની ખરીદી કરી રહ્યાં છે. છતાં દિવાળીના વેકેશનની હજુ શરૂઆત નથી થઈ એટલે થોડું વેચાણ ધીમું છે. પરતું સરેરાશ વેપાર જોતાં આ સિઝનમાં વેચાણ ત્રણ ગણું થવાની શક્યતા જોવાઈ રહી છે.

# આબુ હાઈવે પર જુગાર રમતા ૧૨ ઈસ્મોને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી બનાસકાંઠા LCB

પાલનપુર, બનાસકાંઠા LCB પોલીસને પાલનપુર તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે આબુરોડ હાઈવે પર આવેલ જય ભવાની માર્બલ & ગ્રેનાઈટની ઓફિસમાં કેટલા ઈસમો જુગાર અને રમી રમાડે છે. જે બાતમીના આધારે LCB પોલીસે જે-તે જગ્યા પર રેઈડ કરતા કેટલાક ઈસમો જુગાર રમતા જોવા મળ્યા હતા, જેમને LCB પોલીસે ઝડપી પડ્યા હતા. આ ઈસમોના નામ દિનેશભાઈ પઢીયાર, ભાવેશભાઈ જોષી, રાજુ ગોવિંદભાઈ ઠક્કર, ભરતભાઈ પ્રજાપતિ, મનોજભાઈ સિંધી, કલ્પેશભાઈ મોદી, આશિષભાઈ પરમાર, જીતેન્દ્રભાઈ આણેચા, દિનેશભાઈ દેસાઈ, વિનોદભાઈ રાઠોડ, સુનિલભાઈ સોની અને દિનેશભાઈ પંચાલ છે. આ ઈસમો ભેગા મળી પાલનપુર-આબુરોડ હાઈવે ઉપર વરમોરા ટાઈલ્સની બાજુમાં આવેલ જય ભવાની માર્બલ એન્ડ ગ્રેનાઈટ નામની ફેકટરીની ઓફીસમાં ગંજી પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર અને રમી રમાડતા પકડાયા હતા. જેમાં LCB પોલીસને રોકડ રકમ રૂપિયા ૩ લાખ ૦૨ હજાર ૨૦૦ સહિત કુલ ૩ લાખ ૬૮ હજાર ૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવતાં, તેમના વિરુદ્ધ જુગાર ધારા મુજબ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી કરી હતી.બનાસકાંઠા LCB પોલીસે પાલનપુર તાલુકા વિસ્તારમાંથી જુગાર રમતા બાર ઈસમોને ઝડપી પડ્યા છે. જુગાર રમતા ઈસમો પાસેથી રોકડ રૂપિયા ૩ લાખ ૨ હજારથી વધુ કબ્જે લઈ પાલનપુર તાલુકા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે વિશ્વ માનસીક દિવસ નિમિત્તે પોસ્ટ મેકીંગ સ્પર્ધા યોજાઈ

દાહોદ, તારીખ ૨૨ ઓક્ટોબર ના રોજ ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દાહોદ ખાતે વિશ્વ માનસિક દિવસ નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.કોરોનાની મહામારી ના કારણે થયેલ માનસિક અસર વિશે જનજાગૃતિ કેળવવાના ઉદ્દેશ્યથી આ સ્પર્ધા યોજવામાં આવેલ. જેમાં એમ.બીબી.એસ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

આ સ્પર્ધાનું આયોજન કોલેજના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સંજય કુમાર અને ડીન ના માર્ગદર્શન હેઠળ, કમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા કરવામાં આવ્યું. જેનું સંકલન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડોક્ટર શોભના ડાંગી દ્વારા કરવામાં આવેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડોક્ટર જય બુટે, ડો.મેઘા વસૈયા અને ડો. પૂનમ હાજર રહ્યા હતા. પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમને પ્રોત્સાહન સ્વરૂપે એવોર્ડ અને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આખરે વિભાગના હેડ ડોક્ટર જય એ સૌનો આભાર વ્યક્તિ કર્યો હતો.અને ત્યાં મેડિકલ કોલેજ ના સિનિયર મેનેજર હેતલ રાવ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તરપ્રદેશ ખાતે વડાપ્રધાન આયુષ્યમાન હેલ્થ મિશનના જીવંત પ્રસારણમાં દાહોદ અધિકારીઓ નિહાળ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉત્તરપ્રદેશથી સમગ્ર દેશમાં આરોગ્ય માળખાકીય સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનારી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર મિશનનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે દાહોદના ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પીટલ ખાતેથી કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી સહિતના મહાનુભાવોએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ રસપૂર્વક નિહાળ્યું હતું. આ વેળાએ ઝાયડસ હોસ્પીટલના સીઓઓ સંજયકુમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જેસાવાડા ખાતે નવિન પંચમહાલ ડી.ઓ.કો.બેંકના શુભારંભ કરાયો

દાહોદ, જેસાવાડા ખાતે આજરોજ નવીન પંચમહાલ ડીસ્ટ્રી.કો.ઑ. બેન્કનો શુભારંભ ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા, પૂર્વ ધારાસભ્ય અને ડિરેક્ટર મહેશભાઇ ભૂરિયા, ડિરેક્ટર કલસિહ મેડાની ઉપસ્થિતિમાં યોજાયો. આ પ્રસંગે ડિરેક્ટર પંડ્યા, એપીએમસીના ચેરમેન પ્રતાપભાઈ બામણીયા, માર્કેટ ગરબાડાના ચેરમેન ગોવિંદભાઈ પરમાર, જેસાવાડાના સરપંચ સંદિપ રાઠોડ, જિલ્લા પંચાયતના સદસ્ય પવેતભાઈ ડામોર. ભૂતવડ શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડા, પૂર્વ સરપંચ રમેશભાઈ કટારા, જનરલ મેનેજર રાજેશ ભટ્ટ, ડે.જનરલ મેનેજર વિપુલ વ્યાસની ઉપસ્થિતમાં ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા અને પૂર્વ ધારાસભ્ય અને ડિરેક્ટર મહેશભાઇ ભૂરિયા તથા ડિરેક્ટર કલસિહ મેડા એ દિપ પ્રાગટ્ય કરી શાખાને ખુલ્લી મૂકી હતી. તેમણે પૂજા કરી હતી તથા રીબીન કાપીને શાખાનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે વડવા સરપંચ બિલવાળ, રાયણ અભલોડ સરપંચ વરસિગભાભોર સખીમમ મંડળની બહેનો, દૂધ મંડળીના પ્રમુખ, સામાજિક કાર્યકરો આગેવાનો, વેપારીઓ, ગામજનો ગરબાડા અને જેસાવાડા બેન્કનો સ્ટાફ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પંડ્યા, ડિરેક્ટર કલસિહ મેડા, પૂર્વ ધારાસભ્ય મહેશભાઇ ભૂરિયા, ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા એ બેન્ક ની યોજના વિષે સમજુતી આપી હતી. આભાર વિધિ વિપુલ વ્યાસે કરી હતી.

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દાહોદ પોલીસ દ્વારા ચતુર્વિધ કાર્યક્રમો યોજાયા

દાહોદ, આઝાદી કા અમૃત મહોત્સવ અને પોલીસ સ્મૃતિ દિન અનુસંધાને દાહોદ જિલ્લા પોલીસ દ્વારા ચતુર્વિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં સ્વતંત્રતાનું મહાત્મ્ય કાયમ રહે તે માટે વિવિધ રચનાત્મક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

દાહોદ પોલીસના મુખ્ય મથક ખાતે ગત્ત રવિવારના રોજ સવારમાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૨૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો અને વિષયાનુરૂપ સુંદર ચિત્રો સર્જ્યા હતા. એ બાદ મધ્યાહન પછીના સમય દરમિયાન વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળા કક્ષાએ પસંદ થયેલા ૧૦ છાત્રોઓ રાષ્ટ્ર નિર્માણમાં પોલીસની ભૂમિકા વિશે પોતાની વકતૃત્વ કલા પ્રસ્તુત કરી હતી. આ છાત્રોના વિચારો સ્પષ્ટ અને રસપ્રદ હતી.

એ બાદ પોલીસ હથિયારોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં ગુનાખોરીને નાબૂદ કરવા માટે પોલીસને અપાયેલા ૧૫થી વધુ પ્રકારના હથિયારોને નગરજનોએ નીહાળ્યા હતા. બાદમાં રાત્રીના દેશભક્તિના ગીતોનો સાંગીતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ વેળાએ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, કારોબારી અધ્યક્ષ લખનભાઈ રાજગોર, એસપી હિતેશ જોયસર, નાયબ પોલીસ અધિક્ષક પરેશ સોલંકી સહિત પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.55

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## આંધ્રપ્રદેશ નેવી જાસૂસીકાંડના તાર ગોધરા સુધી

# બી ડીવીઝન વિસ્તારમાં સર્ચ કરી પાંચ ઉપરાંત ઈસમોની અટકાયત કરી પુછપરછ હાથધરી

ગોધરા,

ભારતીય નેવીની ગુપ્ત માહિતીઓ પાકિસ્તા પહોંચાડવા અંગેની જાસૂસી કાંડની આંધ્રપ્રદેશમાં નોંધાયેલી ફરિયાદની તપાસ માટે આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલીજન્સ સ્કોડની ટીમ ગોધરા ખાતે પહોંચી સમગ્ર જાસૂસી કાંડના તાર ગોધરા સુધી હોવાની આકંશાના પગલે અને જાસૂસી કાંડ મામલે આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલીજન્સ સ્કોટની તપાસ દરમિયાન ગોધરાના કેટલાક મોબાઈલ નંબરો સામે આવતાં તપાસ હાથ ધરવામાં આવી છે. આંધ્રપ્રદેશ કાઉન્ટર ઈન્ટેલીજન્સની ટીમ એ સ્થાનિક પોલીસને સાથે રાખી ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં સર્ચ કરી પાંચ ઉપરાંત ઈસમોની અટકાયત કરી પુછતાછ હાથ ધરી છે.

આંધપ્રદેશ રાજયના નેવી ઓફિસરોના જાસૂસી તપાસ પ્રકરણમાં રેલો પંચમહાલ ગોધરા તરફ આવ્યો. આંધપ્રદેશની કાઉન્ટર ઈન્ટેલીજન્સ સેલની ટીમ ગોધરા પહોંચી હતી. સ્થાનિક પોલીસ સાથે રાખીને બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં સર્ચ-સિજરની કાર્યવાહી દરમિયાન શંકાસ્પદ પાંચ ઉપરાંત વ્યકિતઓને મોબાઈલ તેમજ સીમકાર્ડ જેવા ગેજેટના જથ્થા સાથે ઝડપી પાડી પુછપરછ ધરાઈ છે.

આંધ્રપ્રદેશ રાજયના નેવી ઓફિસરોની જાસૂસી કરવાની તપાસ પ્રકરણમાં રેલો પંચમહાલ ગોધરા તરફ લંબાયો છે. આંધ્રપ્રદેશની કાઉન્ટર ઈન્ટેલીજન્સી સેલની ટીમ નેવી ઓફિસરોની જાસૂસી પ્રકરણની તપાસ માટે ગોધરા ખાતે આવી છે. આંધ્રપ્રદેશ નેવી ઓફિસરોની જાસૂસી કાંડીના તાર ગોધરા તરફ લંબાતા સ્થાનિક એલ.સી.બી.પોલીસ એસ.ઓ.જી.પોલીસ અધિકારીઓ સાથે રાખીને ગત મોડી રાત્રીએ બી ડીવીઝન જુદા જુદા વિસ્તારોમાં પાંચ થી છ જગ્યાઓ ઉપર છાપામારી કરવામાં આવી હતી. પોલીસની છાપામારી અને સર્ચ-સિજરની કાર્યવાહી દરમિયાન પાંચ ઉપરાંત શંકાસ્પદ વ્યકિતઓને મોબાઈલ ફોન, સીમકાર્ડ જેવા ગેજેટના મોટા જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા શંકાસ્પદ રીતે ઝડપી પાડવામાં આવેલ પાંચ ઉપરાંત વ્યકિતઓને પુછપરછ હાથ ધરવામાં આવી છે. હાલ તપાસ ચાલી રહી છે.

## દિવાળીના તહેવારમાં સરકારી અધિકારી/કર્મચારીઓ દ્વારા સ્વિકારવામાં આવતી ભેટ સોગાદ જેવી પ્રવૃતિઓ ઉપર ACBની રહેશે બાઝ નજર

ગોધરા,

દિવાળીના તહેવાર દરમ્યાન સરકારી કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓને વિવિધ ઉધોગગૃહો, કોર્પોરેટર હાઉસો અને સીધી કે આડકતરી રીતે સરકારી કામકાજ સાથે સંકળાયેલા ધંધાર્થીઓ તરફથી ભેટ સોગાદ આપવાની વર્ષો જુની પ્રથા અને પરંપરા છે. સામાન્ય રીતે જોવા જઈએ તો આ રીતે આપવામાં આવતી અને લેવામાં આવતી શુભેચ્છા રૂપેની ભેટ સોગાદ એ ભ્રષ્ટાચારનો જ એક હિસ્સો છે. ઘણાં કિસ્સામાં સરકારી અધિકારી/કર્મચારીને કિંમતી ચીજવસ્તુઓ ઉપરાંત દેશ-વિદેશના પર્યટક સ્થળો સુધી આવવા-જવાની હવાઈ મુસાફરી તેમજ મોઘીંદાટ હોટલોમાં રહેવાની સગવડ કરી આપવા, ગીફ્ટ વાઉચરો પણ ભેટ સ્વરૂપે આપવામાં આવતા હોવાનું ઉજાગર થવા પામેલ છે. આ પ્રકારની ભેટ સોગાદો આપવા પાછળ સરકારી કામકાજમાં પોતાનો હેતુસિધ્ધ કરવાનો જ રહેલો હોય છે. ચાલુ વર્ષે દિવાળીના તહેવાર દરમ્યાન શુભેચ્છા નિમિત્તે ભેટ સોગાદ આ રીતે આપવામાં આવતી હોવાનું ધ્યાને આવતા, આ પ્રકારે લાંચ લેતા અધિકારી/કર્મચારીઓને ઝડપી લેવા સારૂ ઉચ્ચ કક્ષાએથી એ.સી.બી. ના અધિકારીઓને ખાનગી રાહે વોચમાં રહી સક્રિયપણે ફરજ બજાવવા કડક સુચના આપવામાં આવેલ છે. આ સુચનાને પગલે આ પ્રકારની લાંચિયા વૃત્તિ રોકવા સારૂ એ.સી.બી. ના દરેક પોલીસ મથકે ખાસ ટીમનું આયોજન કરવામાં આવેલ છે અને વધુમાં વધુ કેસો કરવા દરેક સરકારી કચેરી ખાતે ખાનગી રાહે વોચ રાખવામાં આવી રહેલ છે. આ ઉપરાંત આવી પ્રવૃતિ આચરતા લાંચિયા અધિકારી/કર્મચારીઓની અલાયદી યાદી તૈયાર કરી, તેઓના રહેણાંક સ્થળે પણ ખનગીમાં વોચ રાખવામાં આવી રહેલ છે. આ પ્રકારે કોઈ અધિકારી/કર્મચારી શુભેચ્છા રૂપે લાંચ લેતા ઝડપાશે તો લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવાની અને સખત પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

## શહેરાના ખાંટના મુવાડા ગામે કુણ નદીમાં રેતીનું ગેરકાયદેસર ખનન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ખાંટના મુવાડા ગામ ખાતે કુણ નદીમાં મોટા પાયે ગેરકાયદેસર રેતી ખનન ખનીજ માફીયાઓ દ્વારા કરવામાં આવી રહયુ છે. નદી ખાતે રેતી ભરીને દિવસ દરમિયાન ટ્રેક્ટર સહિતના મોટા વાહનોમા રોયલ્ટી પાસ વગર ખનીજ વહન થતું હોવાથી દર મહિને સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું હોય ત્યારે ખાણ ખનીજ વિભાગ કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી હતી.

શહેરા તાલુકાના બાહી ગામ પાસે આવેલ ખાંટના મુવાડા ગામ ખાતે આવેલ કુણ નદી માંથી પાછલા કેટલાક સમયથી ખનીજ માફિયાઓ દ્વારા તંત્રના કોઈ પણ ડર વગર રેતી કાઢવામાં આવતી હોય છે. આ નદીના વિસ્તારમાંથી ખનીજ માફિયાઓ દિવસ અને રાત્રિ દરમિયાન નદીમા ખાડાઓ પાડીને ગેરકાયદેસર રીતે રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના મોટા વાહનો માં રોયલ્ટી પાસ વગર ભરી આપતા હોય છે. જોકે નદી ખાતે દિવસે અને રાત્રે પણ ૫૦થી વધુ વાહનોમાં રોયલ્ટી પાસ વગર અને લીઝ નહી હોવા છતાં બેરોકટોક રેતી ખનન થતું હોવાથી સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું હોય ત્યારે સ્થાનિક અને જિલ્લાનું ખાણ ખનીજ વિભાગ આ સામે કડક કાર્યવાહી કરે તેવી લોક માંગ પણ ઉઠી છે. નદી માથી રેતી ખનન કરનાર ખનીજ ખનીજ માફિયાઓ ઉચી પહોંચ ધરાવતા હોવાથી કુણ નદીમાં થતું ગેરકાયદેસર રેતી ખનન સામે અત્યારસુધીમાં કોઈ જ કાર્યવાહી અહી કરવામાં નહી આવતા તંત્રનો કોઈ પણ ડર રહયો નથી. સરકારી તિજોરીને રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતું હોવાથી લાખો રૂપિયાનું નુકશાન જઈ રહ્યું હોય ત્યારે જિલ્લા કલેકટર અને ખાણ ખનીજ વિભાગ આ કુણ નદીમાં થતું રેતી ખનન અટકાવીને ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરે તે પણ જરૂરી છે.

## પંચમહાલની યુવતી પિતરાઈ સાથે કરી બેસી પ્રેમ

પંચમહાલ,

પંચમહાલમાં રહેતા એક માતાએ અભયમ હેલ્પલાઈન પર ફોન કર્યો હતો. માતાએ રડમસ ચહેરે અભયમની આપવીતી જણાવી હતી કે, તેમની યુવાન દીકરી પરિવારના જ પિતરાઈ ભાઈ સાથે પ્રેમમાં પડી છે. તે પિતરાઈ ભાઈ સાથે લગ્ન કરવાની જીદે ચઢી છે. અમે તેને સમજાવતા તેણે આપઘાત કરવાની ચીમકી આપી છે. એકવાર તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે અમે માંડ માંડ તેને સમજાવી હતી. પરંતુ હજી પણ તે સમજતી નથી.માતાની અપીલ પર અભયમ હેલ્પલાઈનની ટીમ યુવતીના ઘરે પહોંચી હતી. તેમણે યુવતીનું કાઉન્સેલિંગ કર્યુ હતું. તેમણે યુવતીની સમજાવ્યુ હતું કે, પ્રેમમાં આ રીતે જીદ ન કરાય. આખરે યુવતીને પોતાની ભૂલ સમજાઈ હતી. સાથે જ તેણે આત્મહત્યા ન કરવા માટે પણ ખાતરી આપી હતી. યુવતીને તેનો પિતરાઈ ભાઈ ગમવા લાગ્યો હતો. જેથી તેણે પિતરાઈ સાથે ફોન પર વાત કરવાની શરૂઆત કરી હતી. આ બાદ તે પિતરાઈના પ્રેમમાં એવી પડી કે તેણે લગ્ન કરવાની જીદ પકડી હતી. પરંતુ માતાપિતા તેની આ જીદ પૂરી કરી શકે તેમ ન હતા. માતાપિતાએ ના પાડવા છતા યુવતી પોતાની જીદ પડ અડી રહી હતી. આખરે માતાપિતાએ અભયમ હેલ્પલાઈનની મદદ લીધી હતી.પ્રેમ આંધળો હોય છે તેવુ વારંવાર પુરવાર થયુ છે. અભયમ હેલ્પલાઈન પાસે હવે એવા કિસ્સા આવી રહ્યા છે, જેમાં પ્રેમમાં ગુમરાહ થઈ રહેલા જુવાનીઓ આડે રસ્તે જતા રહે છે. આવા જુનાનીયાઓને પાટે લાવવા માટે અભયમની ટીમ મહત્વની કામગીરી કરી રહી છે. આવો જ કિસ્સો ગોધરામાં સામે આવ્યો છે. ગોધરામાં એક યુવતીને તેના પિતરાઈ સાથે જ પ્રેમ થઈ ગયો હતો. જેના પ્રેમમાં આંધળી બનીને તે આપઘાત કરવા નીકળી ગઈ હતી.

## ઘોઘંબામાં રોડના નામે લપેડા કરતા કોન્ટ્રાકટર સામે રોષ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા નગરના મુખ્ય માર્ગને પહોળો કરવાનું કામ પ્રગતિ ઉપર છે. ત્યારે જે તે ઈજારદાર દ્વારા કામમાં વેઠ ઉતારતા હોવાની લોકબૂમ ઉઠવા પામી છે. જેમાં રસ્તાની સાઈડો જોઈતા પ્રમાણમાં ખોતર્યા વિના સાઈડો પુરી દેવામાં આવીછે. તેમજ રસ્તાઓ સાફ કર્યો તે સમયની માટીની તથા કચરાની ઢગલીઓ ઉપર માલ પાથરી જાણે વેઠ ઉતારવામાં આવી રહ્યો છે. રોડમાં ચાલતા ભરષ્ટાચારને છુપાવા માટે રોડનું કામ રાત્રીના અંધકારમાં કરવામાં આવતા આ રોડ કેટલો ટકશે તેતો જોવું જ રહ્યું. સરકારના મંત્રી દ્વારા જણાવાયું છે કે, જે તે વિસ્તારમાં રોડનું કામ ચાલતુ હોય તો ધ્યાન રાખવુ પરંતુ ચાલક કોન્ટ્રકટર રાત્રે જ કામ કરે છે. જે થી સ્થાનિક પ્રજા કામમાં થતી કામગીરી જોઈના શકે.

## ડેરોલ સ્ટેશન ખાતેની APMC ની ખેડુત વિભાગના ૧૦ બેઠકો માટેની ૨૩ ઉમેદવાર મેદાનમાં ઉતરીને મત માટે દોડ ધામ

કાલોલ,

ડેરોલસ્ટેશન ખાતેની APMC માં ૩૩ ઉમેદવારમાંથી ૪ ફોર્મ ખેંચાતા ૧૦ બેઠકો ૨૩ ઉમેદવાર ૨૯ તારીખના રોજ યોજનારી ચૂંટણીમાં છેલ્લા બે દિવસથી મેદાનમાં આવી ગયા છે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

હાલની APMC માં યોજાનાર ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભારે ડબડબો જોવા મળી રહ્યો છે. ૧૬ બેઠકોમાં થી બે તેલીબીયા અને ૪ વેપારી વિભાગના મળી ૬ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતાં. APMC ની ૨૯ તારીખના રોજ થનાર ચૂંટણીમાં ૧૦ સીટો પર વિજય મેળવવાં માટે ૨૩ ઉમેદવારની મતદરો પાસેથી મત લેવા માટે ઉમેદવાર વારોની દોડધામ શરૂ થઈ ગઈ છે. હાલમાં ભારતીય જનતા પાર્ટીની ઉમેદવારોની લાંબી હરોડમાં હાલમાંનો રિપીટ થિયરીને ધ્યાનમાં રાખીને નવા ચેહરાઓએ પણ ખેડૂત વિભાગમાં ઉમેદવારી રજુ કરી છે. હવે ૩૦ તારીખના રોજ મત ગણતરીના દિવસના રોજ સાચું ચિત્રપષ્ટ થાય તેમ છે.


### શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૦૯, વર્ષ ૨૦૨૧-૨૨

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દ્વારા મનોરંજનકર ગ્રાન્ટ તથા વ્યાવસાય વેરાની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકાના વિવિધ વિસ્તારમાં સી.સી. રસ્તાના કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ અનુક્રમે રૂા.૫૦,૬૯,૦૧૧.૦૦ છે.

ટેન્ડર તા.૦૮/૧૧/૨૦૨૧ સમય ૧૪.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઇ.એમ.ડી. તથા બીજા ડોક્યુમેન્ટ તા.૧૧/૧૧/૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઇટ www.nprocure.com પરથી મળી શકશે.

(એસ. પી. પટેલ) ઈ.ચા.ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા

(વી. જી. પંચાલ) કારોબારી અધ્યક્ષ નગરપાલિકા શહેરા

(યુ. એન. નાયકા) પ્રમુખ નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૬૨૨/૨૦૨૧


## મહેલોલના નિવૃત્ત આચાર્યનું ગોધરામાં સન્માન




મહેલોલ,

શ્રી ગોધરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ, પંચમહાલની તારીખ ૨૪/૧૦/૨૧ના રોજ મહાકાળી મંદિર,ગોધરામાં મળેલી ૪૧ મી વાર્ષિક સામાન્ય સભામાં મહેલોલ હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગના સેવા નિવૃત્ત આચાર્ય. કે.ઓ.શાહ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવમાં રાષ્ટ્રગીત ગાન સ્પર્ધાનું ભારત સરકારના કલ્ચર વિભાગનું પ્રમાણપત્ર, સ્વતંત્ર ભારતની સુવર્ણ જયંતીની ઉજવણી પ્રસંગે યોજાયેલ ઐતિહાસિક દાંડીયાત્રામાં પસંદગી પામી અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધી દાંડીયાત્રા કરવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા પ્રમાણપત્ર-ટ્રોફી પ્રાપ્ત કરવા માટે, રાષ્ટ્ર ભાષાના સંનિષ્ટ પ્રચારક તરીકે નોંધપાત્ર પ્રચાર-પ્રસાર કરી ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ દ્વારા પસંદગી પામી રાજયપાલના કરકમલો દ્વારા પ્રશસ્તિપત્ર,ટ્રોફી વગેરે મેળવવા, ભારત સરકારના, યુવા સાંસ્કૃતિક અને ખેલ મંત્રાલયના નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા એકતા ટ્રોફી, પ્રમાણપત્ર મેળવવા તથા સામાજિક શૈક્ષણિક, રાષ્ટ્રીય સેવાકાર્યો વગેરેમાં વિશિષ્ટ સિધ્ધિઓ અને સહકાર આપવા માટે ગુજરાત સ્ટેટ પેન્શન ફેડરેશન મંડળના પ્રમુખ નિર્મળસિંહ દાદુજી રાણા દ્વારા શાલ અર્પણ કરીને અને રમેશભાઈ સુથાર દ્વારા બુકે આપીને વય નિવૃત્ત પ્રાથમિક વિભાગ હાઈસ્કૂલ, મહેલોલના આચાર્ય કે.ઓ. શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. પેન્શન મંડળના મહામંત્રી મુનાફભાઈ શેખ, મંડળના ઉપપ્રમુખ ખુશાલભાઈ શ્રીમાળી અને ઉપપ્રમુખ વખતસિંહ પી. સોલંકી, ગુજ.માધ્ય.શિ. બોર્ડના માજી સભ્ય અને બાહીના સેવા નિવૃત્ત આચાર્ય પી.ડી.સોલંકી, પંચ.જી.અનુ. પ્રાથ. શિક્ષક સંઘના માજી પ્રમુખ બી.આર.પટેલ, ઉન્નતિ હાઈસ્કૂલના સેવા નિવૃત્ત આચાર્ય સુભાષભાઈ મહેતા, રાજુભાઈ સોની વગેરેએ પણ કે.ઓ.શાહ ને અભિનંદન પાઠવ્યાં હતાં.

## લઘુત્તમ ટેકાના ભાવે પાક વેચવા ૩૭૯૩ ખેડૂતોનું રજિસ્ટ્રેશન

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કુલ ૪૦ હજાર જેટલા ખેડૂતોની નોધણી થયેલ છે. ત્યારે જિલ્લામાં ડાંગર, મકાઈ તથા બાજરી પકવતા ફક્ત ૩૭૯૩ ખેડૂતો ૧૬ દિવસમાં ૩૭૯૩ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આમ ૪૦ હજાર જેટલા ખેડુતોમાંથી ફક્ત ૩૭૯૩ ટેકા ભાવનું રજીસ્ટ્રેશન થતા અન્ય ખેડૂતોને પાકના યોગ્ય નાણા મળશે નહિ. જયારે બીજી તરફ કેટલાક ગામમાં વીસી રજીસ્ટ્રેશન કરવા આવેલા ખેડુતો પાસેથી ૧૦૦ થી ૨૦૦ રૂપીયા ઉધરાવતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે ચોમાસામાં ઓછા વરસાદ બાદ ભારે વરસાદમાં ખેડૂતોના મોટાભાગના પાકના નુકસાન થયા બાદ પકવેલા પાકના વેચાણ માટે રજીસ્ટ્રેશન માટે નાણા આપવા માટે ખેડુતો મજબૂર બન્યા હોય તેમ લાગી રહ્યું છે.પંચમહાલ જિલ્લાના ખેડૂતોના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ દ્વારા કરવામાં આવનાર છે. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વીસી દ્વારા તથા તાલુકા કક્ષાએ એપીએમસી ખાતે એક ઓકટોબર થી ૧૬ ઓકટોબર સુધી કરવાનું હતું.

## રણજીત નગરના બાઢવા પાસે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા બેને ઈજા



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કાલસર ગામના બે યુવાનો બાઈક લઈ ખેતર માં કપાસ વીણવા જઈ રહ્યા હતા. તે દરમિયાન રણજિત નગરના બાઢવા પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા બંને યુવાનોને મોં તેમજ શરીરના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માત થતા રાહદારીઓએ બંને યુવાનોને ઉભા કરી ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરી દવાખાને ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.